**ભારત સરકાર**

ગૃહ મંત્રાલયનું કામકાજ

# આપત્તિ વ્યવસ્થાપન અંગે રાષ્ટ્રીય નીતિ

૨૦૦૯

૨૨ મી ઓકટોબર, ૨૦૦૯ ના રોજ કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા તંત્ર

## વિષય – સુચિ


| | | |
|---|---|---|
| **૧.** | | **આમુખ** |
| | ૧.૧.૧ | સંદર્ભ |
| | ૧.૨.૧–૧.૨.૨ | ભારતમાં આપત્તિનું જોખમ |
| | ૧.૩.૧ | આપત્તિ વ્યવસ્થાપન મોડેલમાં/ઢાંચામાં ફેરફાર |
| **૨.** | | **અભિગમ અને ઉદ્દેશો** |
| | ૨.૧ | દૂરદર્શિતા |
| | ૨.૨.૧–૨.૨.૨ | આપત્તિ વ્યવસ્થા |
| | ૨.૩.૧ | અભિગમ |
| | ૨.૪.૧ | ઉદ્દેશો |
| **૩.** | | **સંસ્થાકીય અને કાનૂની વ્યવસ્થા** |
| | ૩.૧ | આપત્તિ વ્યવસ્થા અધિનિયમ,૨૦૦૫ |
| | | **અધિનિયમ હેઠળ સંસ્થાકીય માળખું** |
| | ૩.૨.૧–૩.૨.૩ | રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા તંત્ર (N.D.R.F) |
| | ૩.૨.૪–૩.૨.૫ | રાષ્ટ્રીય કારોબારી સમિતિ (N.I.C) |
| | ૩.૨.૬–૩.૨.૭ | રાજય આપત્તિ વ્યવસ્થા તંત્ર (S.D.M.A) |
| | ૩.૨.૮ | જિલ્લા આપત્તિ વ્યવસ્થા તંત્ર (D.D.M.A) |
| | ૩.૨.૯ | સ્થાનિક તંત્રો |
| | ૩.૨.૧૦ | રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થા (N.I.D.M) |
| | ૩.૨.૧૧ | રાષ્ટ્રીય આપત્તિ સહાય દળ (N.D.R.F) |
| | ૩.૨.૧૨ | ઘટાડા અનામત |
| | | **હાલની સંસ્થાકીય વ્યવસ્થા** |
| | ૩.૩.૧ | કુદરતી આફતોની વ્યવસ્થા માટે કેબિનેટ સમિતિ (C.C.M.N.C) અને સુરક્ષા અંગે કેબિનેટ સમિતિ(C.C.S) |
| | ૩.૩.૨ | ઉચ્ચ કક્ષાની સમિતિ (HCL) |
| | ૩.૩.૩ | કેન્દ્ર સરકાર |
| | ૩.૩.૪ | કેન્દ્રીય મંત્રીઓ અને વિભાગોની ભૂમિકા |
| | ૩.૩.૫ | રાષ્ટ્રીય સંકટ વ્યવસ્થા સમિતિ (NCMC) |
| | ૩.૩.૬–૩.૩.૭ | રાજય સરકારો |
| | ૩.૩.૮ | જિલ્લા વહીવટ |
| | ૩.૩.૯ | એક કરતાં વધુ રાજયને અસર કરતી આપત્તિની વ્યવસ્થા |
| | | **અન્ય મહત્વપૂર્ણ સંસ્થાકીય વ્યવસ્થા** |
| | ૩.૪.૧ | સશસ્ત્ર દળ |
| | ૩.૪.૨ | કેન્દ્રીય સંસદીય દળ |
| | ૩.૪.૩ | રાજય પોલીસ દળ અને આગ સેવાઓ |
| | ૩.૪.૪ | નાગરિક સંરક્ષણ અને ગૃહરક્ષક દળ |

| | | |
|---|---|---|
| | ૩.૪.૫ | રાજ્ય આપત્તિ સહાય દળ (SDRF) |
| | ૩.૪.૬ | રાષ્ટ્રીય છાત્ર સેના (NCC),રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને નહેરુ યુવા કેન્દ્ર સંગઠન (NYKS) |
| ૪. | | **નાણાકીય વ્યવસ્થા** |
| | ૪.૧ | અભિગમ |
| | ૪.૨ | વિકાસલક્ષી યોજનાઓના બાંધકામ અંતર્ગત આપત્તિ વ્યવસ્થા |
| | ૪.૩.૧–૪.૩.૨ | રાષ્ટ્રીય આપત્તિ સહાય અને ઘટાડા ફંડ |
| | ૪.૪.૧ | કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોની જરૂરિયાતો |
| | ૪.૪.૨ | રાજ્ય અને જિલ્લા કક્ષાએ વ્યવસ્થા |
| | ૪.૪.૩ | આપત્તિ ઘટાડા પરિયોજનાઓ |
| | ૪.૫.૧ | ટેકનિકલ નાણાંકીય ક્ષેત્ર |
| ૫. | | **આપત્તિ નિવારણ, ઘટાડા અને પૂર્વ તૈયારી** |
| | ૫.૧.૧ | આપત્તિ નિવારણ અને ઘટાડો |
| | ૫.૧.૨–૫.૧.૩ | જોખમ આકારણી અને સહાયપાત્રતાનો નકશો તૈયાર કરવો |
| | ૫.૧.૪ | શહેરી વિસ્તારોમાં આપત્તિનું વધતું વલણ |
| | ૫.૧.૫ | સંકટકાલિન પૂર્વજરૂરી સુવિધાઓ |
| | ૫.૧.૬ | પર્યાવરણલક્ષી નિભાવક્ષમ વિકાસ |
| | ૫.૧.૭ | હવામાન– ફેરફાર અનુકુલન |
| | | **પૂર્વતૈયારી** |
| | ૫.૨.૧– ૫.૨.૩ | કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો અને રાજયોની ભૂમિકા |
| | ૫.૨.૪ | આગાહી અને વેળાસર ચેતવણી સિસ્ટમ |
| | ૫.૨.૫–૫.૨.૬ | સંદેશા–વ્યવહાર અને માહિતી ટેકનોલોજી સહાય |
| | ૫.૨.૭ | સંકટકાલિન કામગીરી કેન્દ્રો મજબૂત કરવાં |
| | ૫.૨.૮–૫.૨.૯ | તબીબી તૈયારી અને સામૂહિક દુઘર્ટના વ્યવસ્થા |
| | ૫.૨.૧૦ | તાલીમ,અનુકરણ કરવું અને મોક ડ્રીલ |
| | | **ઘટાડા અને તૈયારી માટે ભાગીદારી** |
| | ૫.૩.૧–૫.૩.૨ | લોક/સમુદાય આધીરત આપત્તિ તૈયારી |
| | ૫.૩.૩ | સ્ટેક હોલ્ડરોની ભાગીદારી |
| | ૫.૩.૪ | કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) અને જાહેર ખાનગી ભાગીદારી(PPP) |
| | ૫.૩.૫ | મીડિયા ભાગીદારી |
| ૬. | | **ટેકનિકલ કાનૂની શાસન પદ્ધતિ** |
| | ૬.૧.૧ | ટેકનિકલ કાનૂની શાસન પદ્ધતિ |
| | ૬.૨.૧ | મ્યુનિસિપલ વિનિયમોમાં સુધારણા |
| | ૬.૩.૧ | જમીન– ઉપયોગ આયોજન |
| | ૬.૪.૧–૬.૪.૨ | સલામત બાંધકામ પ્રેક્ટિસ |

૬.૫.૧ પાલન–શાસન પદ્ધતિ
૬.૬.૧ અમલ બજવણી

**૭. સહાય/પ્રતિભાવ**
૭.૧.૧ અભિગમ
૭.૨.૧ રાષ્ટ્રીય કારોબારી સમિતિની ભૂમિકા
૭.૩.૧ કેન્દ્રવર્તી અને અન્ય કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોની ભૂમિકા
૭.૪.૧ રાજ્ય, જિલ્લા અને સ્થાનિક તંત્રોની ભૂમિકા
૭.૫.૧ ધોરણસરની સંચાલન કાર્યપદ્ધતિ (SOPs)
૭.૬.૧ આપત્તિના સ્તર
૭.૭.૧ ઘટના નિયંત્રણ સિસ્ટમ (ICS)
૭.૮.૧ પ્રથમ અને અન્ય મહત્વપૂર્ણ સહાયકો/પ્રતિભાવો
૭.૯.૧ તબીબી સહાય
૭.૧૦.૧ પશુ–સંભાળ
૭.૧૧.૧ માહિતી અને મીડિયા ભાગીદારી

**૮. રાહત અને પુનર્સ્થાપન**
૮.૧.૧ અભિગમ
૮.૨.૧–૮.૨.૨ હંગામી રાહત શિબિરો સ્થાપવી
૮.૩.૧ રાહત પુરવઠાની વ્યવસ્થા
૮.૪.૧ રાહતનાં ધોરણોની સમીક્ષા
૮.૫.૧ કામચલાઉ જીવનનિર્વાહ વિકલ્પો અને સામાજિક– આર્થિક પુનર્સ્થાપન
૮.૬.૧ અંતવર્તી આશ્રય સ્થાનોની જોગવાઈ

**૯. પુનર્બાંધકામ અને પુનર્સ્થાપન**
૯.૧.૧ અભિગમ
૯.૨.૧ માલિક સંચાલિત પુનઃબાંધકામ
૯.૩.૧– ૯.૩.૨ ઝડપી પુનર્બાંધકામ
૯.૪.૧ પુનર્સ્થાપનને સલામત વિકાસ સાથે જોડવું
૯.૫.૧ જીવનનિર્વાહ પુનર્સ્થાપન

**૧૦ ક્ષમતા વિકાસ**
૧૦.૧.૧–૧૦.૧.૨ અભિગમ
૧૦.૨.૧–૧૦.૨.૨ રાષ્ટ્રીય અગ્રતા
૧૦.૩.૧ સંસ્થાકીય ક્ષમતા વિકાસ
૧૦.૪.૧ સમુદાયોને તાલીમ
૧૦.૫.૧ વ્યવસાયિક– ટેકનિકલ શિક્ષણ
૧૦.૬.૧ શાળાઓમાં આપત્તિ વ્યવસ્થા શિક્ષણ
૧૦.૭.૧ કારીગરોની તાલીમ

| | | |
|---|---|---|
| | ૧૦.૮.૧ | અન્ય જૂથોની તાલીમ |
| | ૧૦.૯.૧ | લાયસન્સ આપવાં અને પ્રમાણીકરણ |
| **૧૧** | | **માહિતી વ્યવસ્થા** |
| | ૧૧.૧.૧ | અભિગમ |
| | ૧૧.૨.૧ | વિજ્ઞાન અને ટેકનોલોજીનો સહઉપયોગ |
| | ૧૧.૩.૧ | માહિતી સંસ્થાઓ |
| | | **માહિતી અને સંદેશા–વ્યવહાર ટેકનોલોજી મારફત જાણકારીનું પ્રસારણ** |
| | ૧૧.૪.૧ | દેશી ટેકનિકલ જાણકારી (ITK) |
| | ૧૧.૫.૧ | ભારતીય આપત્તિ સંસાધન નેટવર્ક (IDRN) |
| | ૧૧.૬.૧ | ભારતીય આપત્તિ જાણકારી નેટવર્ક (IDKN) |
| | ૧૧.૭.૧ | ઉત્તમ પ્રેક્ટિસ અને સંશોધનનું દસ્તાવેજીકરણ |
| **૧૨** | | **સંશોધન વિકાસ** |
| | ૧૨.૧.૧ | અભિગમ |
| | ૧૨.૨.૧ | સંસ્થાકીય વ્યવસ્થા |
| | ૧૨.૩.૧–૧૨.૩.૨ | જરૂરિયાતો મુકરર કરવી અને સંશોધનને પ્રોત્સાહન આપવું |
| **૧૩** | | **આગળનો માર્ગ** |
| | | **સંક્ષેપ શબ્દો** |


**<u>આકૃતિઓ</u>**


| | |
|---|---|
| આકૃતિ–૧ | આપત્તિ વ્યવસ્થાનું સાતત્ય |


**<u>નકશા</u>**


| | |
|---|---|
| નકશા–૧ | ભારતમાં ભૂકંપ ક્ષેત્રો |
| નકશા–૨ | ભારતમાં પૂર ક્ષેત્રો |
| નકશા–૩ | ભારતમાં પવન અને વાવઝોડા ક્ષેત્ર |
| નકશા–૪ | જમીન ધસવાથી અસરગ્રસ્ત રાજ્યો |

# ૧. આમુખ

**<u>સંદર્ભ</u>**

**૧.૧.૧** આપત્તિ પ્રગતિને અવરોધે છે અને મહેનતકશ વિકાસ પ્રયાસોથી જહેમતપૂર્વક પ્રાપ્ત કરેલ પરિણામો વિધ્વંસ કરે છે, ઘણીવાર રાષ્ટ્રોને પ્રગતિની યોજના રાષ્ટ્રને ઘણા દશકા પાછળ ધકેલી દે છે. આમ માત્ર આપત્તિના પુનરાવર્તનમાં મદદ કરવા કરતાં આપત્તિની કાર્યક્ષમ વ્યવસ્થા પરત્વે ભારત અને વિદેશમાં બંને જગ્યાએ વધુ ધ્યાન અપાઈ રહયું છે. આ વિશેષતાયા વધતી વારંવારતાની સ્વીકાર્યતાનું અને આપત્તિની સઘનતાનું પરિણામ છે, કેમ કે સંભાળ લેનાર અને શહેરી સમાજમાં સારા વહીવટની તે સ્વીકૃતિ છે. જે માટે આપત્તિની નુકસાકારક અસર સાથે કાર્યક્ષમપણે કામ હાથ ધરવાની જરૂર છે.

**<u>ભારતમાં આપત્તિનું જોખમ</u>**

**૧.૨.૧** ભારત, કુદરતી તેમજ મનુષ્યસર્જિત આપદાઓથી વિવિધ માત્રાથી મોટી સંખ્યામાં સહાયપાત્ર છે. ૫૮.૬ ટકા જમીન, મધ્યમસરથી અતિશય સઘન માત્રામાં ભૂકંપલક્ષી છે. ૪૦૦ લાખ હેકટર (જમીનના ૧૨ ટકા) પૂર અને નદીઓના ધોવાણ પરત્વે અભિમુખ છે. ૫,૭૦૦ કિ.મી જમીનનો લગોલગ ૭.૫૧૬ કિ.મી લાંબો દરિયાકિનારો વાવાઝોડા અને સુનામીલક્ષી છે. ૬૮ ટકા ખેડવાણ વિસ્તાર, અનાવૃષ્ટિ સામે સહાયપાત્ર છે અને પર્વતીય વિસ્તારોમાં જમીન ઘસારા અને હિમપ્રપાતનું જોખમ છે. રાસાયણિક, જૈવિક, વિકિરણલક્ષી અને પરમાણુ (CBRN) આપત્તિઓ/સંકટો સામેની સહાયતાપાત્રતા પણ અસ્તિત્વમાં છે. આપત્તિ જોખમો સામે સૌથી ઊંચી સહાયતાપાત્રતા, વધતી વસ્તી કે શહેરીકરણ અને ઉદ્યોગીકરણ, વધુ જોખમી ઝોનની અંદર વિકાસ, પર્યાવરણની કક્ષા નીચે ઉતરવી અને આબોહવામાં ફેરફારની સાથે સંબંધિત છે.

**૧.૨.૨** મનુષ્યની આપત્તિ સામેની સહાયપાત્રતાના સંદર્ભમાં વસ્તીના આર્થિક અને સામાજિક નબળા વિભાગો સૌથી વધુ અસર ધરાવતા વિભાગો છે. સહાયપાત્ર જૂથોમાં, વૃધ્ધ વ્યકિતઓ ,સ્ત્રીઓ, બાળકો, આપત્તિને કારણે અનાથ બનેલા બાળકો અને દિવ્યાંગોને વધુ જોખમોનો ભોગ બનવું પડે છે.

**<u>આપત્તિ વ્યવસ્થામાં મોડેલ/ ઢાંચામાં ફેરફાર(ડી.એમ)</u>**

**૧.૩.૧** ૨૩ ડિસેમ્બર, ૨૦૦૫ ના રોજ ભારત સરકારે આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ,૨૦૦૫ ઘડીને એક નિર્ણાયક પગલું લીધું છે.(અહી હવે પછી તેનો અધિનિયમ તરીકે ઉલ્લેખ કરાયો છે) જેમાં રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર(આઈ.ડી.એમ.એ) ની રચના કરવા વિચારાયું છે અને આપત્તિ વ્યવસ્થાપન અંગે સંપૂર્ણ અને સંકલિત અભિગમ અપનાવીને તેનું નેતૃત્વ સંભાળવા તેના વડા તરીકે પ્રધાનમંત્રી રહેશે, રાજય આપત્તિ તંત્રો (SDMA) ના વડા મુખ્યમંત્રીઓ અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રો (DDMA) ના વડા

તરીકે યથાપ્રસંગે જિલ્લા કલેકટર કે જિલ્લા મેજિસ્ટ્રેટ કે નાયબ કમિશનર રહેશે. વિકાસલક્ષી લાભોનું રક્ષણ કરવા અને જાન, આજીવિકા અને મિલકતનું નુકસાન ન્યૂનતમ કરવા માટે અગાઉના રાહત કેન્દ્રી સહાય ઢાંચામાં ફેરફાર કરીને નિવારણ, ઘટાડા અને તૈયારી સંચાલિત અભિગમ રાખવામાં આવશે.

**(નોંધ– પૃષ્ઠ ૨ થી ૫ નકશા છે.)**

## *૨. અભિગમ અને ઉદ્દેશો*

**દૂરદર્શિતા**

**૨.૧.૧** આપત્તિ નિવારણ,ઘટાડા,પૂર્વતૈયારી અને સહાયના સંવર્ધન મારફત સંપૂર્ણ, સક્રિય, બહુ– આપત્તિલક્ષી અને ટેકનોલોજી સંચાલિત વ્યૂહ વિકસાવીને સલામત અને આપત્તિ મુકત ભારતનું નિર્માણ કરવું.

**આપત્તિ વ્યવસ્થાપન**

**૨.૨.૧** આપત્તિ,કુદરતી કે માનવસર્જિત કારણોથી થતી ઉથલપાથલ, દુર્ઘટના, આફત કે ગંભીર વારંવારતા સાથે સંબંધિત છે. આપત્તિ વ્યવસ્થાપનમાં, આયોજન,સંઘટન,સંકલન અને અમલીકરણ પગલાંની સતત ચાલુ રહેતી અને સમન્વિત પ્રક્રિયા સમાવિષ્ટ છે. જે નીચેની બાબતો માટે જરૂરી અને આવશ્યક છે.

- કોઈપણ આપત્તિના ભય કે ડરનું નિવારણ,
- કોઈપણ આપત્તિ કે તેની તીવ્રતા કે પરિણામોનાં જોખમ ઘટાડવું કે હળવું કરવું,
- સંશોધન અને જાણકારી વ્યવસ્થાસહિત ક્ષમતા નિર્માણ,
- કોઈપણ જોખમી આપત્તિ સ્થિતિ કે આપત્તિ સામે સત્વરે સહાય,
- કોઈપણ આપત્તિની તીવ્રતા કે પરિણામની અસરોની આકારણી કરવી,
- સ્થળ ખાલી કરાવવું, બચાવ અને રાહત,
- પુનર્સ્થાપન અને પુનર્બાંધકામ.

**૨.૨.૨** ખાસ પ્રકારની સાતત્યપૂર્ણ આપત્તિ વ્યવસ્થામાં છ ઘટકોનો સમાવેશ થાય : પૂર્વ– આપત્તિ તબકકામાં નિવારણ, ઘટાડો અને પૂર્વતૈયારીનો સમાવેશ થાય છે, જયારે આપત્તિ પછીના તબકકામાં, સહાય,પુનર્સ્થાપન, પુનર્બાંધકામ અને પુનઃસ્થિતિનો સમાવેશ થાય છે. કાનૂની અને સંસ્થાકીય માળખું આ તમામ ઘટકોને એકસાથે બાંધી લે છે.

**(આકૃતિ–૧)**

**અભિગમ**

**૨.૩.૧** વિવિધ સ્તરોએ વ્યૂહાત્મક ભાગીદારનું નિર્માણ કરવા પર ભાર મૂકવા સાથે આપત્તિ વ્યવસ્થાપન પરત્વે એક સંપૂર્ણ અને સમન્વિત અભિગમ વિકસાવવો પડશે. આ નીતિને સર્મથક વિષયો છે.

- છેલ્લા માઈલ સુધી નીતિ, યોજનાઓ અને અમલીકરણના સમન્વય સહિત સમુદાય આધારિત આપત્તિ વ્યવસ્થા
- તમામ ક્ષેત્રોમાં ક્ષમતા વિકાસ
- ભૂતપૂર્વ પહેલ–કાર્યો અને ઉત્તમ પ્રેકિટસનું એકત્રીકરણ

- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંસ્થાઓ સાથે સહયોગ
- બહુક્ષેત્રીય સંવાદિતા

**<u>ઉદ્દેશો</u>**

**૨.૪.૧** આપત્તિ વ્યવસ્થાપન અંગે રાષ્ટ્રીય નીતિના ઉદ્દેશો :–

- જાણકારી, નવીનીકરણ અને શિક્ષણ મારફત તમામ સ્તરે નિવારણ, પૂર્વતૈયારી અને સ્થિતિસ્થાપક સંસ્કારને પ્રોત્સાહન આપવું,
- ટેકનોલોજી, પરંપરાગત ડહાપણ અને પર્યાવરણલક્ષી નિભાવક્ષમતાને આધારે ઘટાડા પગલાંને પ્રોત્સાહન આપવું,
- આપત્તિ વ્યવસ્થાપનને વિકાસલક્ષી આયોજન પ્રક્રિયાના મૂળ પ્રવાહમાં ભેળવવી,
- સક્ષમ નિયંત્રક પર્યાવરણ અને પાલન પદ્ધતિની ઊભી કરીને સંસ્થાકીય અને ટેકનિકલ–કાનૂની માળખું સ્થાપવું,
- આપત્તિ જોખમો મુકરર કરવાં, આકારણી અને દેખરેખ રાખવા કાર્યક્ષમ તંત્ર–માળખું સુનિશ્ચિત કરવું,
- માહિતી અને ટેકનોલોજી સહાય સાથે સહાયક અને નિષ્ફળતા સામે સલામત સંદેશા–વ્યવહાર દ્વારા પુષ્ટિ અપાયેલ આધુનિક આગાહી અને વેળાસરની ચેતવણી સિસ્ટમ વિકસાવવી,
- સમાજના સહાયપાત્ર વિભાગોની જરૂરિયાતો પરત્વે સંભાળનો અભિગમ રાખવા સાથે કાર્યક્ષમ સહાય અને રાહત સુનિશ્ચિત કરવાં,
- સલામત જીવન સુનિશ્ચિત કરવા, આપત્તિ સામે સ્થિતિ સ્થાપક સંરચનાઓ અને વસવાટો બાંધવા, પુનર્બાંધકામને એક તક તરીકે હાથ ધરવું,
- આપત્તિ વ્યવસ્થાપન માટે મીડિયા સાથે ઉત્પાદક અને સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવું,

## ૩. સંસ્થાકીય અને કાનૂની વ્યવસ્થા

**આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૫**

**૩.૧.૧** આ અધિનિયમમાં રાષ્ટ્રીય, રાજય, જિલ્લા અને સ્થાનિક સ્તરે સંસ્થાકીય, કાનૂની, નાંણાકીય અને સંકલન તંત્ર–વ્યવસ્થા ઠરાવી છે. આ સંસ્થાઓ સમાંતર સંરચના નથી અને તે પૂરી સંવાદિતાથી કામ કરશે. આ નવું સંસ્થાકીય માળખું, રાહત કેન્દ્રિત અભિગમથી સક્રિયશાસન પદ્ધતિ સુધી, આપત્તિ વ્યવસ્થામાં ઢોંચાની ફેરબદલી કરે તેવી અપેક્ષા છે.

**અધિનિયમ હેઠળ સંસ્થાકીય માળખું**

### રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર (NDMA)

**૩.૨.૧** આપત્તિ વ્યવસ્થાપનમાં, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર એક ટોચની સંસ્થા હોઈ, પ્રધાનમંત્રી તેના વડા છે અને આપત્તિ વ્યવસ્થાપન અંગે નીતિઓ, યોજનાઓ અને માર્ગદર્શક સૂચનાઓ નકકી કરવાની અને તેની અમલ બજવણીને સંકલિત કરવા આપત્તિ બાબતમાં સમયસર અને અસરકારક પગલાં સુનિશ્ચિત કરવાની જવાબદારી તેની છે. માર્ગદર્શક સૂચનાઓ, કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો અને રાજયોને તેમની સંબંધિત આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ ઘડવામાં મદદ કરશે. તે, કેન્દ્રીય મંત્રાલયો, વિભાગોની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન યોજનામાં અને આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓને મંજૂર કરશે. જોખમી આપત્તિ વ્યવસ્થાપન કે આપત્તિ અંગે કામ હાથ ધરવા તે આપત્તિ નિવારણ, ઘટાડા કે પૂર્વતૈયારી અને ક્ષમતા નિર્માણ માટે જરૂરી જણાય તેવા બીજાં પગલાં લેશે. કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો તથા રાજય સરકારો, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રને તેનો આદેશના પાલન માટે જરૂરી સહકાર અને સહાય આપશે. ઘટાડા અને પુર્વતૈયારીના પગલાં માટે જરૂરી જોગવાઈ અને તેના ઉપયોગ પર નજર રાખશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રને, જોખમી આપત્તિ સ્થિતિ અને આપત્તિમાં બચાવ અને રાહત માટે ખોરાકી ચીજવસ્તુઓ કે સાધનસામ્રગીની સંકટ વેળાએ પ્રાપ્તિ માટે સંબંધિત વિભાગો કે તંત્રોને અધિકૃત કરવાની સત્તા ધરાવે છે. રાષ્ટ્રીય આપત્તિ સહાય દળ (SDRF) ના સામાન્ય નિરીક્ષણ,માર્ગદર્શન અને નિયંત્રણ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રમાં નિહિત છે અને તે તેનો અમલ કરાવશે. રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપ,રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા ઠરાવેલ વિસ્તૃત નીતિઓ અને માર્ગદર્શક સૂચનાઓના માળખામાં કામ કરે છે.

**૩.૨.૨** રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, કુદરતી કે માનવસર્જિત તમામ પ્રકારની આપત્તિઓમાં કામ કરે છે. જયારે આંતકવાદ, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, શ્રેણીબંધ બોમ્બ બ્લાસ્ટ, બળપૂર્વક કબજો લેવો (હાયજેક), હવાઈ અકસ્માતો, સી.બી.આર.એન શસ્ત્રોની સિસ્ટમ, ખાણમાં આપત્તિ, બંદર અને બંદરગાહની સંકટકાલિન સ્થિતિ, વનમાં આગ, તેલક્ષેત્રમાં આગ અને તેલ છલકાવું જેવી બાબતો માટે સુરક્ષા દળો અને / અથવા બાતમી સંસ્થાઓની ચુસ્ત સામેલગીરી માંગી લેતી આવી બીજી સંકટકાલિન સ્થિતિની કામગીરી, રાષ્ટ્રીય સંકટ વ્યવસ્થાપન સમિતિ જેવી મોજુદ તંત્ર વ્યવસ્થા દ્વારા સતત હાથ ધરાશે.

**૩.૨.૩** રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, આમ છતાં, સી.બી.આર.એન કટોકટી બાબતમાં તાલીમ અને પુર્વતૈયારી પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શક સૂચનાઓ ઘડશે અને તે સુગમ બનાવશે. કુદરતી અને માનવસર્જિત આપત્તિ માટે તબીબી પૂર્વતૈયારી, નાનો સામાજિક સંભાળ અને આઘાત, સામુદાયિક આપત્તિ માહિતી અને સંદેશા–વ્યવહાર ટેકનોલોજી, તાલીમ પૂર્વતૈયારી, જાગરુકતા વગેરે પરત્વે પણ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, સંબંધિત સ્ટેક હોલ્ડરો સાથેની ભાગીદારીમાં ધ્યાન આપશે. સંકટકાલિન સહાય કાર્યો બજાવવા માટે સક્ષમ હોય તેવાં, તમામ સ્તરે સંસાધનો આપત્તિ વ્યવસ્થાપન તંત્રો પાસે ઉપલબ્ધ રહેશે. જેથી માથે ઝઝુમતી આપત્તિ વેળાએ સંકટ સ્થિતિને પહોંચી વળવા કેન્દ્રવર્તી મંત્રાલયો/સંસ્થાઓને તે ઉપલભ્ય કરાવી શકાય.

**<u>રાષ્ટ્રીય કારોબારી સમિતિ :–</u>**

**૩.૨.૪** રાષ્ટ્રીય કારોબારી સમિતિમાં કેન્દ્રીય ગૃહસચિવ તેના અધ્યક્ષ તરીકે કૃષિ, અણુશકિત, સંરક્ષણ, પીવાના પાણીનો પુરવઠો, પર્યાવરણ અને વન, નાણાં (ખર્ચ), આરોગ્ય, વીજળી, ગ્રામીણ વિકાસ, વિજ્ઞાન અને ટેકનોલોજી,અવકાશ, દુર સંદેશા–વ્યવહાર, શહેરી વિકાસ, જળ સંસાધનો અંગેના ભારત સરકારનાં મંત્રાલયો/વિભાગોના સચિવોનો અને સમન્વિત સંરક્ષણ સ્ટાફના મુખ્ય અધિકારી, સ્ટાફ સમિતિના મુખ્ય અધિકારીઓનો સભ્યો તરીકે સમાવેશ થાય છે. વિદેશી બાબતોના સચિવો, પૃથ્વી વિજ્ઞાન, માનવ સંસાધન વિકાસ, ખાણ, વહણાવટું, માર્ગ પરિવહન અને ધોરીમાર્ગના સચિવો અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રના સચિવ, રાષ્ટ્રીય કારોબારી સમિતિની બેઠકોમાં ખાસ આમંત્રિત તરીકે આવશે.

**૩.૨.૫** રાષ્ટ્રીય કારોબારી સમિતિ (NEC) એ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રની કારોબારી સંસ્થા છે અને તેને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રને તેના કાર્યો બજાવવામાં મદદ કરવા અને કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવતા આદેશોનું પાલન થાય એ સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો છે. રાષ્ટ્રીય કારોબારી સમિતિએ કોઈપણ જોખમી આપત્તિ પરિસ્થિતિ અને આપત્તિની ઘટના બને ત્યારે સહાય– કામગીરી સમન્વિત કરવાની છે. રાષ્ટ્રીય કારોબારી સમિતિએ, આપત્તિ વ્યવસ્થાપન અંગેની રાષ્ટ્રીય નીતિ પર આધારિત આપત્તિ વ્યવસ્થાપન અંગેની રાષ્ટ્રીય યોજના તૈયાર કરવાની રહેશે. રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાતંત્રે બહાર પાડેલ માર્ગદર્શક સૂચનાઓના અમલીકરણ પર દેખરેખ રાખશે. તે, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે ચર્ચા–વિચારણા કરીને કેન્દ્ર સરકાર ઠરાવે તેવાં બીજાં કાર્યો બજાવશે.

**<u>રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર (SDMA)</u>**

**૩.૨.૬** રાજય સ્તરે, રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્રના વડા મુખ્યમંત્રી રહે છે અને તંત્ર, રાજયમાં આપત્તિ વ્યવસ્થાપન માટેની નીતિઓ અને યોજનાઓ ઠરાવશે. તે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રે ઠરાવેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર રાજય યોજના મંજૂર કરશે. નિવારણ, ઘટાડો અને પૂર્વતૈયારીના પગલાંનો સમન્વય સુનિશ્ચિત કરવા, રાજય યોજનાના અમલીકરણનું સંકલન કરે છે, આપત્તિ ઘટાડા અને પૂર્વ

તૈયારીનાં પગલાં માટે નાણાં–જોગવાઈની ભલામણ કરે છે અને રાજયના જુદા જુદા વિભાગોની વિકાસ યોજનાઓની સમીક્ષા કરે છે.

**૩.૨.૭** રાજય સરકાર, રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્રને તેનાં કાર્યોની બજવણીમાં સહાય કરવા, રાજય કારોબારી સમિતિની રચના કરશે. રાજય કારોબારી સમિતિના વડા રાજય સરકારના મુખ્ય સચિવ રહેશે અને સમિતિ રાષ્ટ્રીય નીતિ, રાષ્ટ્રીય યોજના અને રાજય યોજનાના અમલીકરણનું સંકલન કરી તેના પર દેખરેખ રાખશે. રાજય કારોબારી સમિતિ આપત્તિ વ્યવસ્થાપનમાં જુદાં જુદાં પાસાંને લગતી માહિતી પણ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રને પહોંચાડશે.

**<u>જિલ્લા આપત્તિ વ્યવસ્થા તંત્ર (DDMA)</u>**

**૩.૨.૮** જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રના વડા, યથાપ્રસંગ, જિલ્લા કલેકટર, નાયબ કમિશનર કે જિલ્લા મેજિસ્ટ્રેટ રહેશે અને સ્થાનિક તંત્રના ચૂંટાયેલા પ્રતિનિધિ ઉપાધ્યક્ષ તરીકે રહેશે. જિલ્લા આપત્તિ વિકાસ તંત્ર, જિલ્લા કક્ષાએ આપત્તિ વ્યવસ્થાપન માટે આયોજન, સંકલન અને અમલીકરણ સંસ્થા તરીકે કામ કરશે અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા ઠરાવેલ માર્ગદર્શક સૂચના અનુસાર આપત્તિ વ્યવસ્થાપનના હેતુ માટે તમામ જરૂરી પગલાં લેશે. તે સાથોસાથ, જિલ્લા માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરશે અને રાષ્ટ્રીય નીતિ, રાજય નીતિ, રાષ્ટ્રીય યોજનાના અમલીકરણ પર દેખરેખ રાખશે. જિલ્લા આપત્તિ વ્યવસ્થા તંત્ર એ સુનિશ્ચિત કરશે કે, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને રાજય આપત્તિ વ્યવસ્થા તંત્રે ઠરાવેલ નિવારણ, ઘટાડા, તૈયારી અને સહાય પગલાં માટેની માર્ગદર્શક સૂચનાઓ જિલ્લા કક્ષાએ રાજયના તમામ વિભાગો અને જિલ્લામાં સ્થાનિક તંત્રો અનુસરે.

**<u>સ્થાનિક તંત્રો</u>**

**૩.૨.૯** આ નીતિના હેતુ માટે, સ્થાનિક તંત્રોમાં પંચાયતી રાજ સંસ્થાઓ, નગરપાલિકાઓ, જિલ્લા અને કેન્ટોનમેન્ટ બોર્ડ તથા નગર આયોજન તંત્રોનો સમાવેશ થશે, જેઓ નાગરિક સેવાઓ પર નિયંત્રણ અને વ્યવસ્થા સંભાળશે. આ સંસ્થાઓ, અસરગ્રસ્ત વિસ્તારોમાં આપત્તિની વ્યવસ્થા, રાહત, પુનર્સ્થાપન અને પુનર્બાંધકામ પ્રવૃત્તિઓ હાથ ધરવા તેના અધિકારીઓ અને કર્મચારીઓને ક્ષમતા નિર્માણ સુનિશ્ચિત કરશે અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રની માર્ગદર્શક સૂચનાના સાથે સુસંગત રહીને, આપત્તિ વ્યવસ્થાપનની યોજનાઓ તૈયાર કરશે. મોટાં શહેરોમાં આપત્તિ વ્યવસ્થાપનના પ્રશ્નો સાથે કામ પાર પાડવા, વિશિષ્ટ સંસ્થાકીય માળખું કાર્યરત કરાશે.

**<u>રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા (NIDM)</u>**

**૩.૨.૧૦** અન્ય સંશોધન સંસ્થાની ભાગીદારીમાં રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાની એક મુખ્ય જવાબદારી, રાષ્ટ્રીય કક્ષાના માહિતી આધાર અંગે તાલીમ, સંશોધન દસ્તાવેજીકરણ અને વિકાસની સાથોસાથ ક્ષમતા વિકાસની છે અને અન્ય જ્ઞાન આધારિત સંસ્થાઓ સાથે નેટવર્ક સ્થાપિત કરશે અને રાષ્ટ્રીય

વ્યવાસ્થાપન તંત્રે ઠરાવેલ વિસ્તૃત નીતિઓ અને માર્ગદર્શક સૂચનાઓની અંદર રહીને કામકાજ કરશે. તે તાલીમ–શિક્ષકો, આપત્તિ વ્યવસ્થા અધિકારીઓ અને અન્ય સ્ટેક હોલ્ડરોની તાલીમનું આયોજન કરશે. રાજય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા, આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે 'ઉત્કૃષ્ટતા કેન્દ્ર ' તરીકે આવિર્ભાવ પામે તેવા પ્રયત્ન કરશે.

**<u>રાષ્ટ્રીય આપત્તિ સહાય દળ (NDRF)</u>**

**૩.૨.૧૧** જોખમી આપત્તિ પરિસ્થિતિ કે સી.બી.આર.એન મૂળ જેવી કુદરતી કે માનવસર્જિત આપત્તિ/ સંકટ વખતે ખાસ સહાય માટે, અધિનિયમમાં રાષ્ટ્રીય આપત્તિ સહાય દળની રચના કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ દળની સામાન્ય દેખરેખ, નિદેશ અને નિયંત્રણ રાષ્ટ્રીય સહાય દળમાં નિહિત થશે અને તેના દ્વારા તેનો અમલ કરાશે. દળના નિયંત્રણ અને દેખરેખ, કેન્દ્ર સરકાર દ્વારા મુલકી સંરક્ષણ અને રાષ્ટ્રીય આપત્તિ સહાય દળના મહાનિદેશક તરીકે નિયુકત અધિકારીમાં નિહિત થશે. હાલમાં રાષ્ટ્રીય આપત્તિ સહાય દળમાં, આઠ બટાલિયોનો સમાવેશ કરાયો છે અને વધુ વિસ્તર યોગ્ય સમયે કરવામાં આવશે. આ બટાલિયનોને જરૂરી હોય તે મુજબ જુદાં જુદાં સ્થળોએ મૂકવામાં આવશે. રાષ્ટ્રીય આપત્તિ સહાય દળના એકમો, પદનામિક રાજય સરકારો સાથે ગાઢ સંપર્ક જાળવશે અને કોઈપણ ગંભીર જોખમી આપત્તિ પરિસ્થિતિ વખતે તેઓને ઉપલભ્ય કરાવાશે. કુદરતી આપત્તિઓની કામગીરી તમામ રાષ્ટ્રીય આપત્તિ રાહત દળ પાસે હોઈ, ચાર બટાલિયનોને પણ સાધનસજ્જ અને તાલીમબંધ કરાશે. જેથી સી.બી.આર.એન સંકટથી ઊભી થતી પરિસ્થિતિમાં સહાય કરી શકે. સંબંધિત દળોની રાષ્ટ્રીય આપત્તિ રાહત દળની બટાલિયાનોના કર્મચારીઓને તાલીમ આપવા, સંબંધિત અર્ધ–લશ્કરી દળો દ્વારા તાલીમ કેન્દ્રો સ્થાપવામાં આવશે અને રાજય/સંઘ પ્રદેશના આપત્તિ સહાય દળોની તાલીમ જરૂરિયાતોને પણ પરિપૂર્ણ કરશે. રાષ્ટ્રીય આપત્તિ સહાયક દળોના એકમો, રાજય સરકારે તેના સંબંધિત સ્થળોએ મુકરર કરેલા તમામ સ્ટેક હોલ્ડરોને બુનિયાદી તાલીમ આપશે. વધુમાં, આપત્તિ વ્યવસ્થાપન અંગે તાલીમ– શિક્ષકોને તાલીમ આપવા અને સંબંધિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વચનબધ્ધાતાને પરિપૂર્ણ કરવા રાષ્ટ્રીય અકાદમીની સ્થાપના કરાશે.

**<u>ઘટાડા માટે અનામત જથ્થો</u>**

**૩.૨.૧૨** છેલ્લા દશકાની મોટી આપત્તિઓના અનુભવથી, ઊંચાઈ પરના કેટલાક વિસ્તારો સહિત મહત્વનાં સ્થળોએ કેટલોક આવશ્યક અનામત જથ્થો અગાઉથી રાખવાની જરૂરિયાત સ્પષ્ટપણે સાબિત થઈ છે. આ અનામત જથ્થાથી રાજય કક્ષાએ સંસાધનોમાં વૃધ્ધિ કરવાના ઈરાદો છે. આપત્તિ કે આપત્તિ જેવી સ્થિતિ દરમિયાન રાજય સરકારોને સહાય કરવા અને તેમની સંકટકાલિન સહાય ક્ષમતા વધારવા, રાષ્ટ્રીય આપત્તિ રાહત દળ હસ્તક આપત્તિ ઘટાડા માટેનો અનામત જથ્થો મૂકવામાં આવશે.

**<u>હાલની સંસ્થાકીય વ્યવસ્થા</u>**

***કુદરતી આફતોની વ્યવસ્થા અંગે કેબિનેટ સમિતિ અને સુરક્ષા કેબિનેટ સમિતિ :***

**૩.૩.૧** કુદરતી આફતોની વ્યવસ્થા અંગેની કેબિનેટ સમિતિ, કુદરતી આફતોની વ્યવસ્થા તેમજ પરિસ્થિતિની આકારણી અને તેની અસર ઘટાડવા જરૂરી જણાય તેવાં પગલાં અને કાર્યક્રમો મુકરર કરવા સહિત કુદરતી આપત્તિની વ્યવસ્થાને લગતા તમામ પાસાં પર નજર રાખવા, તેઓ તરફ સમાજની અભિમુખતા માટે લોક–જાગૃતિ પેદા કરવા કાર્યક્રમો ઘડવા અને તેની ભલામણ કરવા, રચવામાં આવી છે. કેબિનેટ સુરક્ષા સમિતિ, દેશની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા તથા આંતરિક સુરક્ષા, આંતરિક તેમજ બાહય સુરક્ષા અસરો ધરાવતાં વિદેશી કામકાજ સંબંધમાં નીતિવિષયક બાબતો અને રાષ્ટ્રીય સુરક્ષા પર રાજકીય પ્રશ્નને લગતા મુદ્દાઓ પર કામ હાથ ધરે છે.

**<u>ઉચ્ચસ્તરીય સમિતિ (HLC)</u>**

**૩.૩.૨** તીવ્ર કુદરતી આફતોમાં, આફતથી પહોંચેલ નુકસાનની આકારણી અને જરૂરી રાહત સહાયની રકમ આકરવા માટે અસરગ્રસ્ત રાજયોમાં આંતર–મંત્રાલય– કેન્દ્રીય ટુકડીઓ પ્રતિનિયુકત કરવામાં આવે છે. આંતર–મંત્રાલય જૂથના વડા કેન્દ્રીય સરકારના ગૃહ સચિવ રહે છે. આ જૂથ કેન્દ્રીય ટુકડીઓએ કરેલી આકારણીની ચકાસણી કરે છે અને રાષ્ટ્રીય આફત આકસ્મિક ફંડમાંથી રાજયોને પૂરી પાડવાની સહાયના પ્રમાણની ભાલમણ કરે છે. આમ છતાં, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ અને જીવજંતુના હુમલા સંબંધમાં, આંતર મંત્રાલય જૂથના વડા તરીકે કૃષિ અને સહકાર મંત્રાલયના સચિવ તરીકે ચાલુ રહેશે અને ઉચ્ચસ્તરીય સમિતિના નાણામંત્રી અધ્યક્ષ તરીકે અને ગૃહમંત્રી, કૃષિમંત્રી અને આયોજન પંચના ઉપાધ્યક્ષ સભ્યો તરીકે રહેશે. જેઓ આંતર મંત્રાલય જૂથની ભલામણોને આધારે અસરગ્રસ્ત રાજયોને પૂરી પાડવાની કેન્દ્રીય સહાય મંજૂર કરે છે. ઉચ્ચસ્તરીય સમિતિની રચના અને સંગઠન વખતોવખત બદલાય છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રના ઉપાધ્યક્ષ, ઉચ્ચસ્તરીય સમિતિમાં ખાસ આમંત્રિત તરીકે રહેશે.

**<u>કેન્દ્ર સરકાર</u>**

**૩.૩.૩** કેન્દ્ર સરકારની જોગવાઈઓ અનુસાર, કેન્દ્ર સરકાર, આપત્તિ વ્યવસ્થા અંગે જરૂરી અને આવશ્યક જણાય તેવાં તમામ પગલાં લેશે અને તમામ સંસ્થાઓના કાર્યો સમન્વિત કરશે. કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો, વિવિધ પૂર્વ– આપત્તિ જરૂરિયાતો નકકી કરતી વખતે અને આપત્તિ નિવારણ અને ઘટાડા માટેનાં પગલાં નકકી કરતી વખતે રાજય સરકારના વિભાગોની ભલામણો વિચારણામાં લેશે. તે સુનિશ્ચિત કરશે કે, કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો, તેમની વિકાસ યોજનાઓ અને પરિયોજનામાં આપત્તિ નિવારણ અને ઘટાડા પગલાં સમન્વિત કરે, પૂર્વ– આપત્તિ જરૂરિયાતો માટેના ફંડની યોગ્ય ફાળવણી કરે અને તૈયારી માટે તથા કોઈપણ આપત્તિ સ્થિતિ કે આપત્તિ સામે અસરકારક સહાય માટે જરૂરી પગલાં લે. તેને, આપત્તિ વ્યવસ્થાપનમાં સુવિધા કે સહાય આપવા રાષ્ટ્રીય કારોબારી સમિતિ, રાજય સરકાર/રાજય આપત્તિ

વ્યવસ્થાપન તંત્રો, રાજ્ય કારોબારી સમિતિ કે તેના કોઈપણ અધિકારી કે કર્મચારીઓને આદેશો આપવાની સત્તા રહેશે અને આ સંસ્થાઓ અને અધિકારીઓ આવા આદેશોનું પાલન કરવા બંધાયેલા રહેશે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારોને તેમને જરૂરી અથવા અન્યથા તેમના દ્વારા યોગ્ય ગણવામાં આવે તેવો સહકાર અને સહાય આપશે. તે આપત્તિ વ્યવસ્થા માટે સશસ્ત્ર દળોને નીમવા માટે પગલાં લેશે. કેન્દ્ર સરકાર આપત્તિ વ્યવસ્થાના ક્ષેત્રમાં યુ.એન ની સંસ્થાઓ, આંતરરાષ્ટ્રીય સંઘટનો અને વિદેશોની સરકારો સાથે પણ સંકલન સાધવાની સુવિધા પૂરી પાડશે. વિદેશી બાબતોનું મંત્રાલય, ગૃહ બાબતોના મંત્રાલય સાથેના સહયોગમાં બાહરી સંકલન/સહકાર સુગમ બનાવશે.

**<u>કેન્દ્રીય મંત્રીઓ અને વિભાગોની ભૂમિકા</u>**

**૩.૩.૪** આપત્તિ વ્યવસ્થા એક બહુ–શિસ્તવિષયક પ્રક્રિયા હોવાથી, કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોની આપત્તિ વ્યવસ્થાના ક્ષેત્રમાં મહત્વની ભૂમિકા રહેશે. કેન્દ્રવર્તી મંત્રાલયો, ભારત સરકારના વિભાગો (એટલે કે કૃષિ, અણુશકિત, નાગરિક ઉડ્ડયન, પૃથ્વી–વિજ્ઞાન, પર્યાવરણ અને વન, ગૃહની બાબતો, આરોગ્ય, ખાણ, રેલવે, અવકાશ, જળસંસાધનો, વગેરેના મંત્રાલયો તેમને સોંપાયેલા આપત્તિના પ્રશ્નો હલ કરવાનું ચાલુ રાખશે.

**<u>રાષ્ટ્રીય સંકટ વ્યવસ્થા સમિતિ (NCMC)</u>**

**૩.૩.૫** રાષ્ટ્રીય સંકટ વ્યવસ્થા સમિતિમાં ભારત સરકારના ઉચ્ચસ્તરીય અધિકારીઓનો સમાવેશ થશે, કેબિનેટ સચિવ તેના વડા બનશે. સમિતિ, ગંભીર કે રાષ્ટ્રીય વિભાજનોનાં મોટાં સંકટો અંગે કામ કરવાનું ચાલુ રાખશે. તેને, કેન્દ્રીય કેન્દ્રવર્તી મંત્રાલયો/સંકટ વ્યવસ્થા જૂથો અને રાષ્ટ્રીય કારોબારી સમિતિ, જરૂરિયાત પ્રમાણે સહાય કરશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્રના સચિવ આ સમિતિના સભ્ય બની શકે.

રાજ્ય સરકારો :

**૩.૩.૬** આપત્તિ વ્યવસ્થા અંગેની પ્રાથમિક જવાબદારી રાજયો પાસે રહે છે. કેન્દ્ર સરકાર, રાજ્ય અને જિલ્લા સ્તરે સ્થાપિત સંસ્થાકીય તંત્ર– વ્યવસ્થા, રાજયોને અસરકારક રીતે આપત્તિ વ્યવસ્થા હાથ ધરવામાં મદદ કરશે.

**૩.૩.૭** આ અધિનિયમ રાજ્ય સરકારોને, આપત્તિ વ્યવસ્થાપન યોજનાઓ તૈયાર કરવા, આપત્તિ નિવારણ માટેના પગલાનું સંકલન, નાણાંની ફાળવણી, વેળાસર ચેતવણી સિસ્ટમની સ્થાપના માટે પગલાં લેવો અને આપત્તિ વ્યવસ્થાના વિવિધ પાસાં અંગે કેન્દ્ર સરકાર અને બીજી સંસ્થાઓને સહાય કરવાની સાથોસાથ આદેશો આપે છે.

**<u>જિલ્લા વહીવટ</u>**

**૩.૩.૮** જિલ્લા કક્ષાએ, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, આપત્તિ વ્યવસ્થા માટે જિલ્લા આયોજન, સંકલન અને અમલીકરણ સંસ્થા તરીકે કામ કરશે અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપનતંત્ર અને

રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા ઠરાવેલી માર્ગદર્શક સૂચનાઓ અનુસાર જિલ્લામાં આપત્તિ વ્યવસ્થા માટે તમામ જરૂરી પગલાં લેશે.

**<u>એક કરતાં વધુ રાજયમાં અસર હોય ત્યાં આપત્તિ વ્યવસ્થા:</u>**

**૩.૩.૯** ઘણી વખત, એક રાજયમાં ઊભી થયેલ આપત્તિની અસરો બીજા રાજયોના વિસ્તારો સુધી પ્રસરતી હોય છે. તે જ પ્રમાણે, પૂર વગેરે જેવી ચોકકસ આપત્તિઓ સંબંધમાં નિવારણ પગલાં એક રાજયમાં લેવા જરૂરી હોય, આમ છતાં તે ઘટનાની અસર બીજા રાજયને થઈ શકે. દેશની વહીવટી, અધિશ્રેણી, રાષ્ટ્રીય, રાજય અને જિલ્લા સ્તરે વહીવટમાં સંઘટિત છે. એક કરતાં વધુ રાજયોને અસર કરતી આપત્તિઓ બાબતમાં આનાથી કેટલીક મુશ્કેલીઓ ઊભી થાય છે. આવી સ્થિતિની વ્યવસ્થા માટે સમન્વિત અભિગમ આવશ્યક છે. જે ઘટના પહેલાં, દરમિયાન અને ત્યારપછી સામાન્ય રીતે રજૂ થતાં પ્રશ્નો કરતાં તદ્દન અલગ પ્રકારના પ્રશ્નોની શ્રેણી સામે મદદ કરી શકે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, આવી પરિસ્થિતિ મુકરર કરવા અને સમન્વિત વ્યૂહો માટે પારસ્પરિક સહાય સમજૂતિના ધોરણે તંત્ર વ્યવસ્થાપનની સ્થાપનાને પ્રોત્સાહન આપવા, રાજયો, કેન્દ્રીય મંત્રાલયો, વિભાગો અને અન્ય સંબંધિત સંસ્થાઓ દ્વારા તેમની સાથે કામ પાર પાડવા પ્રોત્સાહન આપશે.

**<u>અન્ય મહત્વપુર્ણ સંસ્થાકીય વ્યવસ્થા :</u>**

***<u>સશસ્ત્ર દળો</u>***

**૩.૪.૧** વિભાવનાની દૃષ્ટિએ, નાગરિક વહીવટી તંત્રને મદદ કરવા સશસ્ત્ર દળોને ત્યારે જ બોલવવામાં આવે છે જયારે પરિસ્થિતિ પહોંચી વળી શકાય તેમ ન હોય, વ્યવહારમાં, આમ છતાં, સશસ્ત્ર દળો, સરકારની ક્ષમતાનો એક અગત્યનો ભાગ બને છે અને તમામ ગંભીર આપત્તિ સ્થિતિમાં તત્કાલ સહાયકર્તા બની રહે છે. કોઈપણ વિપરિત પડકારને પહોંચી વળવામાં તેમની પ્રચંડ શકિત, તેમને હસ્તક વૈકલ્પિક સહાય અને સંશોધનનોની ઝડપ અને ક્ષમતાને કારણે સશસ્ત્ર દળોએ, ઐતિહાસિક રીતે સંકટકાલિક સહાય કાર્યોમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આમાં, આપત્તિથી થયેલા વિનાશ પછી તરત સંદેશા–વ્યવહાર, શોધ અને બચાવ કાર્યો, આરોગ્ય અને તબીબી સેવાઓ અને પરિવહનનો સમાવેશ થાય છે. વિમાની હેરફેર, અતિવૃષ્ટિમાં ઉંચકી લેવા તથા પાડોશી દેશોમાં સહાયની ગતિશીલતા, મુખ્યત્વે, સશસ્ત્ર દળોની નિષ્ણાતતા આ ક્ષેત્રમાં કામમાં આવે છે. સશસ્ત્ર દળો, તાલીમ– શિક્ષકો અને આપત્તિ વ્યવસ્થા મેનજરોને, ખાસ કરીને સી.બી.આર.એન પાસાં, અતિવૃષ્ટિમાં દાખલ થવું, ઊંચાઈ પર બચાવ, હોડી ચલાવવામાં કુશળતા અને અર્ધ–તબીબી બાબતોની તાલીમ આપવામાં સહયોગ આપશે. રાષ્ટ્રીય સ્તરે, રાષ્ટ્રીય કારોબારી સમિતિમાં (એન.ઈ.સી) સમન્વિત સંરક્ષણ સ્ટાફના મુખ્યાધિકારીથી સ્ટાફ સમિતિના અધ્યક્ષ સુધીનો સમાવેશ થાય છે. તે જ પ્રમાણે રાજય અને જિલ્લા સ્તરે, સશસ્ત્ર દળોના સ્થાનિક પ્રતિનિધિઓને કારોબારી સમિતિઓમાં સમાવિષ્ટ કરી શકાશે. જેથી ચુસ્ત સંકલન અને જોડાણ સુનિશ્ચિત કરી શકાય.

**<u>કેન્દ્રીય અર્ધલશ્કરી દળો :</u>**

**૩.૪.૨** કેન્દ્રીય અર્ધલશ્કરી દળો, સંઘના સશસ્ત્ર દળો પણ છે, જેઓ આપત્તિ વેળાએ તત્કાલ સહાય આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. રાષ્ટ્રીય આપત્તિ સહાય દળમાં ફાળો આપવા ઉપરાંત, તેઓ તેમના દળની અંદર પર્યાપ્ત આપત્તિ વ્યવસ્થા વિકસાવશે અને તેઓની જયાં નિમણૂંક કરી હોય તે વિસ્તારોમાં ઊભી થતી આપત્તિઓમાં સહાય કરશે. કેન્દ્રીય અર્ધલશ્કરી દળોના પ્રતિનિધિઓને રાજય કક્ષાએ કારોબારી સમિતિમાં સહ–નિયુકિત/આમંત્રિત કરાશે.

**<u>રાજય પોલીસ દળ અને આગ સેવાઓ</u>**

**૩.૪.૩** રાજય પોલીસ દળો અને આગ સેવાઓ આપત્તિમાં મહત્વપૂર્ણ તત્કાલ મદદ કરનારા છે. બહુલક્ષી– જોખમ બચાવ ક્ષમતા પ્રાપ્ત કરવા, પોલીસ દળોને તાલીમ અપાશે અને આગ સેવાઓની કક્ષા ઊંચી લઈ જવાશે.

**<u>નાગરિક સંરક્ષણ અને ગૃહરક્ષક દળ</u>**

**૩.૪.૪** આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે, અસરકારક કામગીરી સોંપવા નાગરિક સંરક્ષણ અને ગૃહરક્ષક દળના આદેશની નવેસરથી વ્યાખ્યા કરાશે. સામુદાયિક પૂર્વતૈયારી અને લોક જાગરુકતા માટે તેઓને નિયુકત કરાશે. કોઈપણ આપત્તિ ઘટના વખતે ફરજ– મથકોને સ્વૈચ્છિક રીતે જાણ કરવાના સંસ્કારને પ્રોત્સાહન અપાશે.

**<u>રાજય આપત્તિ સહાય દળ (SDRF)</u>**

**૩.૪.૫** રાજયોને તેમનાં ઉપલભ્ય સંસાધનોથી સહાય ક્ષમતા ઊભી કરવા, પ્રોત્સાહન અપાશે. આવી શરૂઆત તરીકે દરેક રાજય એક બટાલિયન સમતુલ્ય દળને સાધનસજજ અને તાલીમ આપવાનું લક્ષ્ય રાખશે. સ્ત્રીઓ અને બાળકોની જરૂરિયાતો પર દેખરેખ રાખવા, તેઓ સ્ત્રી સભ્યોનો પણ સમાવેશ કરશે. રાષ્ટ્રીય આપત્તિ સહાય દળની બટાલિયનો અને તેમની તાલીમ સંસ્થાઓ આ પ્રયાસમાં રાજયો/સંઘ પ્રદેશોને મદદ કરશે. રાજયો/સંઘ પ્રદેશોને, રાજપત્રિત અને બિનરાજપત્રિત અધિકારીઓ માટે, તેમની સંબંધિત પોલીસ તાલીમ કોલેજો અને બુનીયાદી તથા નોકરી અંતર્ગત અભ્યાસક્રમોમાં આપત્તિ વ્યવસ્થા તાલીમનો સમાવેશ કરવા પ્રોત્સાહન અપાશે.

**<u>રાષ્ટ્રીય છાત્રસેના (NCC), રાષ્ટ્રીય સેવા યોજના (NSS) અને નહેરુ યુવા કેન્દ્ર સંગઠન(NYKS) ની ભૂમિકા</u>**

**<u>આંતરરાષ્ટ્રીય નિગમ :</u>**

**૩.૫.૧** આપત્તિઓ ભૌગૌલિક સરહદોને સ્વીકારતી નથી, મોટી આપત્તિઓ ઘણીવાર એક સાથે અનેક દેશોને અસર પહોંચાડે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે, આપત્તિ વ્યવસ્થાપનના તમામ ક્ષેત્રોમાં ગાઢ સહકાર અને સંકલન વિકસાવવાનો તે આંતરરાષ્ટ્રીય પુરુષાર્થ બનશે.

## *૪. નાણાકીય વ્યવસ્થા*

**અભિગમ**

**૪.૧.૧** રાહત કેન્દ્રી અભિગમમાંથી નિવારણ, ઘટાડા અને પૂર્વ તૈયારીને આવરી લેતાં ઢાંચામાં ફેરબદલી કરવા, તમામ સ્ટેક હોલ્ડરોનો સહકાર મેળવીને વિકાસલક્ષી યોજનાઓ અને કાર્યક્રમોમાં નિવારણ અને ઘટાડા પગલાંના મુખ્ય પ્રવાહમાં ભેળવવાના પ્રયત્નો કરવામાં આવશે.

**વિકાસલક્ષી યોજનાઓમાં અંગભુત આપત્તિ વ્યવસ્થા**

**૪.૨.૧** રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપનતંત્ર, તમામ ચાલુ અને નવા વિકાસલક્ષી કાર્યક્રમો અને પરિયોજનાની વિકાસલક્ષી કાર્યસૂચિમાં આપત્તિ જોખમ ઘટાડા મુખ્ય વિચાર સુનિશ્ચિત કરાશે, જે ડિઝાઈન અને બાંધકામમાં આપત્તિ સ્થિતિસ્થાપક વિશિષ્ટ વિગતો સમાવિષ્ટ કરશે. આયોજન પંચ, સંસાધનોની ફાળવણી વખતે આ ઘટકો પર યોગ્ય ભાર મૂકશે.

**રાષ્ટ્રીય આપત્તિ સહાય અને ઘટાડા ફંડ**

**૪.૩.૧** અધિનિયમમાં આદેશ આપ્યા પ્રમાણે રાષ્ટ્રીય આપત્તિ સહાય ફંડની રચના કરાશે. રાષ્ટ્રીય આપત્તિ સહાય ફંડનો ઉપયોગ, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે ચર્ચા–વિચારણા કરીને કેન્દ્ર સરકારે ઠરાવેલી માર્ગદર્શક સૂચના અનુસાર સંકટકાલિન સહાય, રાહત અને પુનર્સ્થાપન ખર્ચને પહોંચી વળવા રાષ્ટ્રીય કારોબારી સમિતિ દ્વારા કરાશે.

રાષ્ટ્રીય આફત આકસ્મિત ફંડને રાષ્ટ્રીય આપત્તિ સહાય ફંડ સાથે વિલીન કરવાની દરખાસ્ત, નાણા પંચ દ્વારા વખતોવખત ભલામણ કર્યા મુજબ રહેશે.

**૪.૩.૨** તે જ પ્રમાણે, અધિનિયમ દ્વારા આદેશ આપ્યા પ્રમાણે, સંપુર્ણપણે ઘટાડાના હેતુ માટે પરિયોજનાઓ માટે રાષ્ટ્રીય આપત્તિ ઘટાડા ફંડ (NDMF) ઊભું કરી શકાશે. રાષ્ટ્રીય આપત્તિ ઘટાડા ફંડનો ઉપયોગ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા કરાશે તે નાણા પંચ દ્વારા વખતોવખત ભલામણ કરાય તે મુજબ રહેશે.

**કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોની જવાબદારીઓ :**

**૪.૪.૧** તમામ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો તેમની આપત્તિ વ્યવસ્થા યોજનાઓ તૈયાર કરશે, જેમાં આ યોજનાઓની સહાય માટે નાણાકીય પ્રોજેકશનોનો સમાવેશ થશે. પંચવર્ષીય અને વાર્ષિક યોજનાના ભાગ તરીકે જરૂરી અંદાજપત્રીય ફાળવણી કરાશે.

**રાજ્ય અને જિલ્લા કક્ષાની વ્યવસ્થા**

**૪.૪.૨** રાજ્ય તેમજ જિલ્લા કક્ષાએ આપત્તિ ઘટાડા અને સહાય ફંડ ઉભું કરવાની જવાબદારી રાજ્યોની રહેશે. આ ફંડોના ઉપયોગનું સ્વરૂપ, અધિનિયમની જોગવાઈઓ અનુસાર તૈયાર કરાશે.

**<u>ઘટાડા પરિયોજનાઓ</u>**

**૪.૪.૩** વિવિધ આપત્તિઓ અંગેની માર્ગદર્શક સૂચનાઓ રાષ્ટ્રીય, રાજય અને જિલ્લા સ્તરે ઘટાડા પરિયોજનાની યોજનાઓ ઘડવા માટેનો આધાર બનાવશે. કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો તેમજ રાજય સરકારો અમલ બજવણી માટે ઘટાડા પરિયોજનાઓ મુકરર કરશે. રાષ્ટ્રીય કક્ષાની ઘટાડા પરિયોજનાઓને યોગ્ય રીતે અગ્રતાક્રમ અપાશે અને રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે ચર્ચા–વિચારણા કરીને મંજૂર કરાશે.

**<u>ટેકનિકલ– આર્થિક તંત્ર</u>**

**૪.૫.૧** બચાવ, રાહત, પુનર્સ્થાપન અને પુનર્બાંધકામ જરૂરિયાતો માટે સરકાર દ્વારા પૂરી પડાતી સહાયને વિચારણામાં લેતાં, આપત્તિને કારણે થયેલ ભારે મોટા નુકસાનનું વળતર ચુકવી શકાશે નહી. નવા નાણાંકીય સાધનો, જેવાં કે, આફત જોખમ નાણાં–વ્યવસ્થા, જોખમ વીમો, આફત અંગેના બોન્ડ, લઘુસ્તરીય નાણા જોગવાઈ અને વીમો વગેરેને નવતર નાણાંકીય પ્રોત્સાહનની સાથે શરૂ કરાશે. જેથી વ્યકિતઓ, સમુદાયોમાં અને કોર્પોરેટ ક્ષેત્રના આવા નુકસાનને આવરી શકાય. રાસાયણિક અકસ્માતમાં રાહત પૂરી પાડવા, ઘડાયેલ ૧૯૯૧ ના લોક જવાબદારી વીમા અધિનિયમ અન્વયે પર્યાવરણ રાહત ફંડનો ઉલ્લેખ કરવાપાત્ર છે. કેટલીક નાણાકીય પ્રેકિટસ, જેમ કે આપત્તિ જોખમ વીમો, લઘુસ્તરીય નાણા– જોગવાઈ અને લઘુસ્તરીય–વીમો, નવા બંધાયેલાં મકાનો અને સંરચનાઓ માટે વોરન્ટી અને સલામત બાંધકામને આવાસ લોન સાથે સાંકળાવાનુ વિચારાશે.

# ૫. આપત્તિ નિવારણ, ઘટાડા અને પુર્વતૈયારી

**<u>આપત્તિ નિવારણ અને ઘટાડા</u>**

**૫.૧.૧** માનવસર્જિત આપત્તિઓની જેમ કુદરતી જોખમો, જેવાં કે, પૂર, ભૂકંપ અને વંટોળિયાને પણ નકારી શકાય નહીં. આમ છતાં, જોખમલક્ષી વિસ્તારમાં વિકાસલક્ષી કામના યોગ્ય આયોજન સાથે ઘટાડા પગલાંથી આ જોખમોને આપત્તિમાં પલટાતાં રોકી શકાશે. બહુપાંખિયો અભિગમ, ઘટાડાના નીચેનાં પગલાં માટે અપનાવવો જરૂરી છે.

- તમામ વિકાસ પરિયોજનાઓમાં ઘટાડા પગલાંનું નિર્માણ
- કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો તથા રાજયોની મદદથી ઉચ્ચ અગ્રતાવાળા વિસ્તારોમાં, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપનતંત્ર દ્વારા રાષ્ટ્રીય સ્તરની ઘટાડા પરિયોજનાઓ શરૂ કરવી.
- માર્ગદર્શક સૂચનાઓ અનુસાર, રાજય સ્તરની ઘટાડા પરિયોજનાઓને પ્રોત્સાહન અને સહાય આપવાં
- આપત્તિ અંગે દેશી જાણકારી અને વિવિધ રાજયોએ અપનાવેલ કોપિંગ તંત્ર–વ્યવસ્થાને વારસાઈ સંરચનાઓના રક્ષણ અંગે ખાસ ધ્યાન આપવા સાથે યોગ્ય ભાર મૂકવો.

**<u>જોખમ આકારણી અને સહાયપાત્રતા અંગે નકશા આલેખન :</u>**

**૫.૧.૨** સંકટકાલિન વ્યવસ્થા માટે રાષ્ટ્રીય (ડેટા–બેઝ) વિગત આધાર (એન.ડી.ઈ.એમ) અને રાષ્ટ્રીય અવકાશી વિગત આધાર માળખા જેવી વિગત આધાર આધીરત ભૌગૌલિક માહિતી સિસ્ટમનો ઉપયોગ કરીને, જોખમ ઝોન, નકશા– આલેખન અને સહાયતપાત્રતાનું, બહુવિધ જોખમ માળખામાં પૃથ્થકરણ કરાશે. આપત્તિ સહાયપાત્રતા હલ કરવાના પ્રથમ પગલા તરીકે, કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો, રાષ્ટ્રીય સંસ્થાઓ, જ્ઞાન આધારિત સંસ્થાઓ અને રાજય અને જિલ્લા સ્તરે આપત્તિ વ્યવસ્થાપન તંત્રો, તમામ આપત્તિલક્ષી વિસ્તારોમાં જોખમ અને સહાયપાત્રતા આકારણી હાથ ધરે તે જરૂરી છે. ભૌગોલિક માહિતી સિસ્ટમ પર આધારિત જોખમવાળા ઝોન, નકશા– આલેખન અને સહાયપાત્રતા પૃથકકરણ અને દૂરવર્તી સંવેદન વિગતો માટે ભૂતલ ચકાસણી ઘટક સહિત આદેશાત્મકતા જરૂરી છે. તમામ રાસાયણિક અકસ્માતલક્ષી જિલ્લાઓ માટે, જોખમ અને પરિણામ અંગે ભૌગૌલિક માહિતી સિસ્ટમના પ્લેટફોર્મ પર નકશા–આલેખન તૈયાર કરશે.

**૫.૧.૩** ભૌગૌલિક માહિતી સિસ્ટમનો વધતો ઉપયોગ, વૈશ્વિક પરિસ્થિતિ સિસ્ટમનો આપત્તિ વ્યવસ્થાના ઉપયોગને લીધે પદનામિત વિજાણ્વિ કિલયરીંગ હાઉસ મારફત વિષયલક્ષી અને અવકાશી વિગતોની હિસ્સેદારી માટેની તંત્ર વ્યવસ્થા ગોઠવવાનું આવશ્યક બન્યું છે. કુદરતી સંસાધનોની વ્યવસ્થા, ઔધૌગિક ઉપયોગો, વગેરે માટે આપત્તિ વ્યવસ્થાપનના ક્ષેત્રે વિવિધ સંસ્થાઓ દ્વારા ઉપયોગ માટે મૂલ્યવર્ધિત નકશા ભેગા કરવા, સંકલન, પૃથ્થકરણ કરીને તૈયાર કરવા, ભારતીય સર્વેક્ષણ દ્વારા રાષ્ટ્રીય અવકાશી વિગત

અંગે આધાર–માળખાની સ્થાપના કરવામાં આવી છે. રાષ્ટ્રીય અવકાશી વિગત માળખાએ, અસરકારક નીતિ પૃથકકરણ સુગમ બનાવવા, વિગત અને માહિતી હિસ્સેદારીના પ્રોટોકોલની આંતર–સંચાલન કામગીરી પરત્વે કામ કરવું જરૂરી છે. સુગમ અને ઝડપી હિસ્સેદારી માટે દ્વિમાર્ગી આંતર સંચાલન કડી, રાષ્ટ્રીય અવકાશી વિગત માળખા અને સૂચિત રાષ્ટ્રીય અવકાશી વિગત માળખા અને સૂચિત રાષ્ટ્રીય સંકટકાલિન સંદેશા–વ્યવહાર નેટવર્ક વચ્ચે સ્થાપિત કરાશે. સંકટકાલિન વ્યવસ્થા માટે, રાષ્ટ્રીય વિગત આધાર (NDEM),સુરક્ષિત પર્યાવરણમાં અવકાશી અને બિન અવકાશી વિગત આધાર મેળવવા તૈયાર કરેલ કાર્યક્રમ, આપત્તિ વ્યવસ્થા માટે જરૂરી માહિતી બાબતમાં રાષ્ટ્રીય અવકાશી વિગત પૂર્વજરૂરી માળખા (NSDI) મારફત ડેટા–સેટ પ્રાપ્ત કરાશે.

**<u>શહેરી વિસ્તારોમાં આપત્તિનું વધતું વલણ</u>**

**૫.૧.૪** શહેરી વિસ્તારોમાં આપત્તિઓ ઘણી રીતે વિભિન્ન હોય છે અને સામાન્ય રીતે નુકસાનની તીવ્રતા ખૂબ ઊંચી હોય છે અને આપત્તિ વ્યવસ્થાની અસરકારક યોજનાઓ આવશ્યક બને છે. આવા પ્રકારની આપત્તિઓમાં ભયજનક વધારો થઈ રહયો છે. શહેરી વિસ્તારોમાં શોધ અને બચાવ પ્રયત્નો માટે પણ ખાસ તાલીમ જરૂરી છે. બિનઆયોજિત શહેરીકરણ નિયંત્રણમાં લેવાની અને તમામ પ્રકારની આપત્તિઓ સામે સલામત મનુષ્ય રહેઠાણ સુનિશ્ચિત કરવાની કાર્ય–યોજનાઓને અગ્રતા ક્ષેત્રો તરીકે માન્ય કરવામાં આવશે. અવરોધરહિત કુદરતી ડ્રેનેજ સિસ્ટમ પર ખાસ ધ્યાન આપીને, શહેરી ડ્રેનેજ સુધારવા બાબતને સંબંધિત રાજય સરકારો/સંઘપ્રદેશો અગ્રતા આપશે. શહેરી જોખમ અંગે વ્યવસ્થા કરવા નિર્ણય સહાયક સિસ્ટમ વિકસાવવા, અવકાશી નિર્ણય અંગે આધાર–માળખાનું શહેરી નકશા આલેખન હાથ ધરાશે.

**<u>સંકટકાલિન આધાર–માળખું</u>**

**૫.૧.૫** વિશ્વ વ્યાપી સલામતી બેન્ચમાર્ક સાથે સુસંગત સલામતી ધોરણો માટે અને જયાં કમી હોય ત્યાં તેના મજબૂતીકરણ માટે, બંધો, માર્ગો, પુલો, ફલાય ઓવર, રેલવે લાઈનો, વીજ મથકો, જળ સંગ્રહ ટાવર, સિંચાઈ નહેરો, ડેલ્ટા જળ–વિતરણ નેટવર્ક, નદી અને દરિયાકાંઠાના બંધો, બંદરો તથા અન્ય મુલકી યુટીલીટી પર સતત દેખરેખ રાખવામાં આવશે. સંકટકાલિન આધાર– માળખા માટે બાંધકામના ધોરણોનું,સુરક્ષા ધોરણો સાથે જોડાણ કરવું જરૂરી છે અને વિભાગો/તંત્રો આ સુનિશ્ચિત કરવા જરૂરી પગલાં અને ઉપાયો હાથ ધરવામાં આવે તે સુનિશ્ચિત કરશે.

**<u>પર્યાવરણની દ્રષ્ટિએ નિભાવક્ષમ વિકાસ</u>**

**૫.૧.૬** નિભાવક્ષમતા સુનિશ્ચિત કરવા, પર્યાવરણલક્ષી વિચારણા અને વિકાસ પ્રથાઓ સાથોસાથ હાથ ધરવા જરૂરી છે. હિમાલય પ્રદેશોમાં પરિસ્થિતિલક્ષી સંતુલનનું પુનર્સ્થાપન અને દરિયાકાંઠાની આશ્રય પટ્ટીમાં વૃક્ષારોપણ વધારવાની કામગીરી આપત્તિ વ્યવસ્થા યોજનાઓમાં જરૂરી હોય ત્યાં સમાવિષ્ટ કરવી આવશ્યક છે.પરિસ્થિતિલક્ષી સંતુલનના પુનર્સ્થાપન અને નિભાવક્ષમ વિકાસ માટે વનો, ટાપુઓ,

દરિયાકાંઠાના વિસ્તારો, નદીઓની પરિસ્થિતિ સિસ્ટમ અને કૃષિ, શહેરી તથા ઔદ્યોગિક પર્યાવરણની વિચારણા કરવી પણ જરૂરી છે. ઝોનના વિનિયમોમાં કુદરતી રહેઠાણોની જાળવણી સુનિશ્ચિત કરવી જોઈશે.

**<u>આબોહવા ફેરફાર અનુકુલન</u>**

**૫.૧.૭** આબોહવા ફેરફારથી આપણા ગ્લેસિયરો, જળસંતુલન,કૃષિ, વનવિદ્યા, દરિયાકાંઠાની પરિસ્થિતિ, જૈવિક વૈવિધ્ય અને મનુષ્ય અને પ્રાણીના આરોગ્ય પર અસર થાય છે. એવા ચોકસ નિર્દેશો મળે છે કે, આબોહવા ફેરફારથી વાવાઝોડાં, પૂર અને અનાવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિઓની તીવ્રતા અને વારંવારતા, આગામી વર્ષોમાં વધશે. કાયમી અને અસરકારક રીતે આ પડકારોને પહોંચી વળવા આબોહવા ફેરફાર અનુકૂલન અને આપત્તિ જોખમ ઘટાડા માટે આપણા અભિગમ અને વ્યૂહોમાં/સહકારયુકત પગલાંને પ્રોત્સાહન અને ઉત્તેજન આપવું જોઈશે.

**<u>પૂર્વતૈયારી</u>**

***કેન્દ્રિય મંત્રાલયો અને વિભાગો, અને રાજ્યોની ભૂમિકા :***

**૫.૨.૧** રાજયો/સંઘપ્રદેશોએ તેમની પોતાની આપત્તિ વ્યવસ્થા ક્ષમતા ઊભી કરવાની બાબતને ઊંચી અગ્રતા આપવાની રહે છે. તમામ દફતરે, યોજનાઓ, ૨૦૦૫ ના આપત્તિ વ્યવસ્થા અધિનિયમની માર્ગદર્શક સૂચનાઓ અને જોગવાઈઓ સાથે સુસંગત બનાવવી જોઈશે. રાષ્ટ્રિય યોજના, રાષ્ટ્રિય કારોબારી સમિતિ તૈયાર કરાશે. જયારે આપત્તિ અને ક્ષેત્ર–વિશિષ્ટ યોજનાઓ તેમના સંબંધિત કેન્દ્રિય મંત્રાલયો અને વિભાગો તૈયાર કરાશે.રાજય અને જિલ્લા યોજનાઓ, રાષ્ટ્રિય આપત્તિ વ્યવસ્થાપન તંત્રે બહાર પાડેલી માર્ગદર્શક સૂચનાઓ અનુસાર, તેમની વિશિષ્ટ આપત્તિ સંબંધિત સહાયપાત્રતા માટે તૈયાર કરાશે. હાલની કોઈપણ સંસ્થા જરૂરી ક્ષમતા નિર્માણ માટે કામ ન કરતી હોય તેવા આપત્તિ વ્યવસ્થાના ક્ષેત્રોમાં, વિશેષતયા, નવી સંસ્થાકીય તંત્ર–વ્યવસ્થા ઊભી કરવાની રહેશે.

**૫.૨.૨** કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો, રાજયો અને જિલ્લા દ્વારા તૈયાર કરાયેલ યોજનાઓમાં આયોજન પ્રક્રિયામાં એકીકરણ માટે તમામ સ્ટેક હોલ્ડરોના નિવેશન સમાવિષ્ટ કરાશે. તમામ સ્ટોકહોલ્ડરો, સમુદાયો અને સંસ્થાઓના સહયોગથી પુર્વ–તૈયારીના સંસ્કાર મનમાં ઠસી જશે. યોજનાઓની વધુ સારી સમજ અને તેની કાર્યલક્ષિતા માટે પાયાનો અભિગમ અપનાવવો જરૂરી છે.

**૫.૨.૩** આપત્તિ વ્યવસ્થાના વિષયને આંતર–રાજય કાઉન્સિલ અને ઝોનલ કાઉન્સિલ કાર્યસૂચિમાં 'સ્થાયી બાબત' તરીકે અને રાષ્ટ્રિય વિકાસ કાઉન્સિલમાં ' રિપોર્ટિંગ બાબત' તરીકે સમાવિષ્ટ કરાશે.

**<u>આગાહી અને વેળાસર ચેતવણી સિસ્ટમ</u>**

**૫.૨.૪** તમામ પ્રકારની આપત્તિઓ માટે આગાહી અને વેળાસર ચેતવણી સિસ્ટમ સ્થાપિત કરવો, તેની કક્ષા ઊંચે લઈ જવી અને તેને આધુનિક બનાવવી ખુબ જરૂરી છે. ખાસ પ્રકારની આપત્તિઓ માટે દેખરેખ અને જાપ્તો રાખવા જવાબદાર કેન્દ્રવર્તી સંસ્થાઓ ટેકનોલોજીકલ કમીઓ મુકરર કરશે અને સમયબધ્ધ ધોરણે તેની કક્ષા ઊંચી લઈ જવા પરિયોજનાઓ ઘડશે. તમામ રાજયોએ ભારતીય હવામાન

વિભાગને, હવામાન અવલોકન સિસ્ટમની કક્ષા ઊંચી લઈ જવા /સ્થાપવા માટે જરૂરી આધાર–માળખું પુરું પાડવું. વિશ્વ હવામાન સંગઠન (WMO), પેસિફીક સુનામી ચેતવણી સિસ્ટમ અને અન્ય પ્રાદેશિક અને વૈશ્વિક સંસ્થાઓ સાથેની સહયોગિતા પણ વિચારવી જોઈએ. માહિતી મેળવવા, આગાહી કરવા અને સમયસર પ્રસારણ કરવા સંદેશા–વ્યવહાર અને માહિતી ટેકનોલોજી (ICT) સાધનોનો ઉપયોગ કરવો જરૂરી છે.

**<u>સંદેશા–વ્યવહાર અને માહિતી ટેકનોલોજી સહાય</u>**

**૫.૨.૫** આપત્તિ વ્યવસ્થા માટે જરૂરી મૂળભૂત સંદેશા–વ્યવહાર અને માહિતી ટેકનોલોજી સહાય જરૂરિયાતો નીચેના ત્રણ સ્તરોને આનુષંગિક છે.

- તમામ સ્તરે નિર્ણય લેનાર અને આપત્તિ મેનેજરો,
- વિવિધ સ્તરે સંબંધિત સત્તાધિકારીઓને અને ભયભીત સમુદાયોને અગાઉથી ચેતવણી અને માહિતીનું પ્રસારણ કરવાનો સાચો સમય. અગાઉથી ચેતવણી અને માહિતીના પ્રસારણ માટે, દૂરદર્શન અને રેડિયો જેવાં પ્રસારણ માધ્યમોનો નોંધપાત્ર ઉપયોગ કરાશે, કેમ કે, તેઓ ખૂબ મોટા પ્રમાણમાં ભૌગૌલિક પહોંચ ધરાવે છે. દરિયાકાંઠાના અને પર્વતીય પ્રદેશો માટે હવામાન વિભાગના નેટવર્કનો ઉપયોગ કરી શકાશે.
- નિયંત્રણ તથા બચાવ અને રાહત કામગીરી હાથ ધરવા આપત્તિના સ્થળે છેલ્લી ઘડીની સંપર્ક–વ્યવસ્થા

**૫.૨.૬** અદ્યતન માહિતી ટેકનોલોજીના આધાર–માળખાનો ઉપયોગ કરીને, અદ્યતન માહિતીમાં હિસ્સેદારી અને સંદેશા–વ્યવહાર, આપત્તિ વ્યવસ્થા વ્યૂહના અસરકારક અમલીકરણના કેન્દ્રસ્થાને છે. ક્ષેત્રમાંથી કે અસરગ્રસ્ત વિસ્તારમાંથી પ્રાપ્ત ભૌગૌલિક અવકાશી માહિતીનું વિશ્વસનીય, અદ્યતન અને ઝડપી રીતે પ્રસારણ કરવું, એ આપત્તિ વ્યવસ્થા વ્યૂહના અસરકારક અમલ માટેની પૂર્વ–જરૂરિયાત છે. પંચાયતીરાજ સંસ્થાઓ (PRIS) અથવા શહેરી સ્થાનિક બોર્ડો (ULBS) માંથી નકકી કરાયેલી વિગતોની કક્ષા ઝડપથી ઊંચી લઈ જઈ અદ્યતન બનાવવા, જરૂરી પ્રક્રિયા સ્થાપત્ય અને કૌશલ્યનો સમાવેશ કરતાં માહિતી ટેકનોલોજી આધાર–માળખાને ઊભું કરવા પ્રયત્નો કરવા. સૌથી વધુ સંયુકત સ્વરૂપની વ્યવસ્થા અને નોંધપાત્ર બિનજરૂરી બાબતો સાથે સમકાલિક અવકાશ અને પ્રદેશ આધારિત ટેકનોલોજી સામેલ કરીને રાષ્ટ્રીય સંકટકાલિન સંદેશા–વ્યવહાર નેટવર્ક વિકસાવશે. આ નેટવર્ક અસરગ્રસ્ત સમુદાયો અને સ્થાનિક તંત્રોને ચેતવણી અને માહિતી પ્રસારણનો યોગ્ય સમય સુનિશ્ચિત કરશે.

**<u>સંકટકાલિન કામગીરી કેન્દ્રો સંગીન બનાવવાં</u>**

**૫.૨.૭** રાષ્ટ્રીય ,રાજય,મેટ્રો અને જિલ્લા કક્ષાએ સંકટકાલિન કામગીરી કેન્દ્રોની સ્થાપના અને તેને સમકાલિન ટેકનોલોજી તથા સંદેશા–વ્યવહાર સુવિધાઓ સાથે સાધનસજજ કરવા અને તેની સામયિક રીતે કક્ષા ઊંચે લઈ જવા બાબતને અગ્રતા અપાશે. આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં છેલ્લા સમયે જોડાણ અને કામગીરી

નિયંત્રણ માટે હેરફેર કરી શકાય તેવા પ્લોટફોર્મ ઉપલબ્ધ કરાશે. આપત્તિ વ્યવસ્થામાં હમ રેડિયો અને બીજી અન્ય સંદેશા–વ્યવહાર સિસ્ટમનું એકીકરણ લાભદાયી નિવડશે.

**<u>તબીબી પૂર્વતૈયારી અને સામૂહિક દુઘર્ટના વ્યવસ્થાપન</u>**

**૫.૨.૮** કોઈપણ આપત્તિ વ્યવસ્થા યોજનાનો મહત્વપૂર્ણ ઘટક છે– તબીબી પૂર્વ તૈયારી, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાતંત્ર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, રાજ્ય અને મુખ્ય તબીબી સંશોધન સંસ્થાઓ સાથે ગાઢ સંકલન કરીને, સંકટકાલનમાં તબીબી સહાય પૂરી પાડવા અને સામૂહિક દુઘર્ટના વ્યવસ્થા બાબત ક્ષમતા વધારવા નીતિવિષયક માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરવામાં આવશે. હોસ્પિટલો માટેની આપત્તિ વ્યવસ્થા યોજનાઓમાં , તબીબી ટીમો અને અર્ધ તબીબી ટીમો વિકસાવવી અને તાલીમ, ક્ષમતા–નિર્માણ, આધાત અને મનો સામાજિક સંભાળ, સામૂહિક દુર્ઘટના વ્યવસ્થા અને તબીબી સંભાળ અગ્રતા આપવાનો સમાવેશ થશે. પૂર્વ આપત્તિ તબકકામાં તમામ રાજયો અને સંઘપ્રદેશો સલાહ પ્રક્રિયા મારફત તમામ હોસ્પિટલોની ઘસારો અને દુઘર્ટના અંગે કામ હાથ ધરવાની ક્ષમતા નકકી કરીને તેની નોધ કરાશે. રાજય અને જિલ્લા તંત્રોને, આપત્તિ દરમિયાન ખાનગી હોસ્પિટલો દ્વારા દુઘર્ટનાગ્રસ્ત લોકોની સારવાર માટે યોગ્ય કાર્યપદ્ધતિ ઊભી કરવા પ્રોત્સાહન અપાશે. આ યોજનાઓ આપત્તિ પછીના રોગની દેખરેખ સિસ્ટમ, હોસ્પિટલો, સંદર્ભ સંસ્થાઓ સાથે નેટવર્કીંગ અને એમ્બ્યુલન્સ તથા રકત–બેંકોની પ્રાપ્યતા જેવી સેવા અને સુવિધાઓ મેળવવાની બાબતો પણ હાથ ધરશે.

**૫.૨.૯** આપત્તિ વ્યવસ્થા અંગે ફરતી સર્જીકલ ટુકડીઓ, ફરતી હોસ્પિટલો અને દર્દીઓને સ્થળ પરથી ખસેડવા હેલી–એમ્બ્યુલન્સો એ મહત્વપૂર્ણ ઘટકો છે. રાજય અને જિલ્લા તંત્રો રેલવે સાથે ચર્ચા–વિચારણા કરીને, દર ૧૦૦ મીટરે આવેલ સ્ટેશને રાખેલ રેલવે મંત્રાલયની અકસ્માત રાહત તબીબી વાનનો, સંકટકાલિન તબીબી સહાય માટે ઉપયોગ કરશે. કેન્દ્રવર્તી મંત્રાલય, આઈ.વી કક્ષાની વધારાની જૈવિક–સુરક્ષા પ્રયોગશાળાઓ ઊભી કરવા જણાવશે. યોગ્ય શબઘર સુવિધા ઊભી કરવા પર ઘ્યાન આપવું જરૂરી છે. માણસો અને  પશુના મડદાંનો યોગ્ય અને ઝડપી નિકાલ ખાસ ઘ્યાન માંગી લે છે.

**<u>તાલીમ, અનુકરણ અને મોકડ્રીલ</u>**

**૫.૨.૧૦** યોજનાઓ તથા ધોરણસરની સંચાલન કાર્યપદ્ધતિઓની અસરકારકતાની તાલીમ, પરિસંવાદો અને મોકડ્રીલ દ્વારા કસોટી કરીને સુધારણા કરાશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર, આ ક્ષેત્રોમાં, રાજયો/સંઘ પ્રદેશોને મદદ કરશે અને દેશના જુદા જુદા ભાગોમાં મોક–ડ્રીલનું પણ સંચાલન કરશે. રાજય અને જિલ્લા તંત્રોને પૂર્વ તૈયારી અને ઝડપી સહાયનાં સંસ્કારો પેદા કરવા પ્રોત્સાહન અપાશે. રાજય સરકારો, ક્રમશઃ વિવિધ સ્ટેક હોલ્ડરોની સહાય કક્ષા વધારવા, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે ચર્ચા–વિચારણા કરીને, વિવિધ પ્રકારની આપત્તિઓ માટે શ્રેણીબંધ સ્વાઘ્યાયોનું આયોજન કરવા પ્રોત્સાહન આપશે.

## *ઘટાડા અને પૂર્વતૈયારી માટે ભાગીદારી*

**સમુદાય આધીરત આપત્તિ પૂર્વતૈયારી**

**૫.૩.૧** આપત્તિ દરમિયાન,સમુદાયો પ્રથમ અસરગ્રસ્ત બનવા ઉપરાંત પ્રથમ સહાયક પણ છે. સામૂહિક સહભાગિતા, સ્થાનિક માલિકી સુનિશ્ચિત કરે છે, સ્થાનિક જરૂરિયાતો પૂરી પાડે છે અને સ્વૈચ્છિક સેવા કાર્ય અને પારસ્પરિક સહાયને ઉત્તેજન આપે છે. જે નુકસાન નિવારવા અને ઓછું કરવામાં મદદ કરે છે.

**૫.૩.૨** વૃદ્ધો, સ્ત્રીઓ, બાળકો અને દિવ્યાંગો પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે. આપત્તિ વ્યવસ્થાપન માટે સમિતિઓ અને કાર્ય–જુથો બનાવવાના નિર્ણયમાં સહભાગી થવા સ્ત્રીઓ અને યુવાનોને પ્રોત્સાહન અપાશે. કોઈપણ આપત્તિ વખતે પ્રથમ સહાયકો તરીકે, સમુદાયોને, પ્રાથમિક તબીબી સહાય, શોધ અને બચાવ, સામૂહિક આશ્રયોની વ્યવસ્થા, મનો–સામાજિક સલાહ, સરકારો/સંસ્થાઓ વગેરે પાસેથી રાહત અને પ્રાપ્તિ સહાયની વહેંચણી જેવા સહાયના વિવિધ પાસા બાબત લોકોને તાલીમ અપાશે.

**સ્ટેક હોલ્ડરોની ભાગીદારી :**

**૫.૩.૩** સિવિલ સમાજના સ્ટેક હોલ્ડરોની ભાગીદારીનું રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા સંકલન કરાશે. નાગરિક સંરક્ષણ, રાષ્ટ્રીય છાત્રસેના, રાષ્ટ્રીય સેવા યોજના, નહેરુ યુવા કેન્દ્ર સંગઠન અને સ્થાનિક બિનસરકારી સંગઠનો, તેમની સંસ્થાકીય તંત્ર– વ્યવસ્થા મારફત સમુદાયને સશકત બનાવવા અને તેમનામાં જાગરુકતા પેદા કરવા પ્રોત્સાહન અપાશે. સ્વૈચ્છિક સામેલગીરીને પ્રોત્સાહન આપવાના પ્રયત્નોને સક્રિયપણે ઉત્તેજન અપાશે.

**કોર્પોરેટ સામાજિક જવાબદારી અને જાહેર–ખાનગી ભાગીદારી**

**૫.૩.૪.** ઔતિહાસિક રીતે જોઈએ તો કોર્પોરેટ ક્ષેત્ર, આપત્તિ રાહત અને પુનઃર્સ્થાપન પ્રવૃતિઓને સહાય કરતું રહયું છે. આમ છતાં, આપત્તિ જોખમ ઘટાડા પ્રવૃતિઓમાં કોર્પોરેટ હસ્તિઓની સામેલગીરી નોંધપાત્ર નથી. કોર્પોરેટ હસ્તિઓએ જોખમો, દુર્ઘટના અને સહાયપાત્રતાની બાબતોમાં તેમની વ્યાવસાયિક સાતત્યુકત યોજનાને નવેસરથી વ્યાખ્યાબધ્ધ કરવી જોઈએ. તેઓએ સમુદાયોમાં નવતર સામાજિક રોકાણનું મૂલ્ય પણ પેદા કરવું જોઈએ. સરકાર અને ખાનગી ક્ષેત્ર વચ્ચે જાહેર અને ખાનગી ભાગીદારીને પણ આપત્તિ વ્યવસ્થામાં તેમના સામર્થ્યને સંતુલિત કરવા પ્રોત્સાહન આપવું જોઈએ. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્રે, લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા, આપત્તિ વ્યવસ્થા પ્રક્રિયામાં તેમની ભૂમિકા સંગીન કરવા અને તેને નિયમબધ્ધ કરવા, કોર્પોરેટ હસ્તિઓ સાથે નેટવર્ક સ્થાપિત કરવાની જરૂર છે.

**મીડિયા ભાગીદારી**

**૫.૩.૫** મીડિયા, આપત્તિ વ્યવસ્થાના તમામ તબકકે માહિતી અને જાણકારીના પ્રસારણમાં મહત્વની ભૂમિકા ભજવે છે. ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા બંનેની સર્વતોમુખી શકિતનો સંપૂર્ણ ઉપયોગ કરવો જરૂરી છે. વિવિધ આપત્તિઓ અંગે, સામૂહિક જાગરુકતા, વેળાસર ચેતવણી અને પ્રસારણ તથા શિક્ષણ બાબતમાં મીડિયા સાથે અસરકારક સહભાગિતા કરવામાં આવશે.

## *૬. ટેકનિકલ કાનૂની શાસન પદ્ધતિ*

**ટેકનિકલ કાનૂની શાસન પદ્ધતિ**

**૬.૧.૧** ૨૦૦૫ના આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમમાં, રાષ્ટ્રીય, રાજય અને જિલ્લા સ્તરે સંસ્થાકીય અને સંકલન તંત્ર વ્યવસ્થા ઠરાવી છે. સુધારા માગી લેતાં, પ્રસ્તુત અધિનિયમમો, નિયમો અને વિનિમયો, કેન્દ્ર સરકાર, રાજય સરકારો અને અન્ય સંબંધિત સંસ્થાઓ દ્વારા તબકકાવાર મુકરર કરવા અને આપત્તિ વ્યવસ્થા અધિનિયમ સાથે સુસંગત બનાવવા જરૂરી છે.

**મ્યુનિસિપલ વિનિયમોમાં સુધારણા :**

**૬.૨.૨** બાંધકામમાં વધારો અને ઝડપી શહેરીકરણ જોતાં, વિકાસ નિયંત્રણ વિનિયમો, બાંધકામ પેટા–કાયદા અને સંરચનાત્મક સુરક્ષા લક્ષણો જેવા મ્યુનિસિપલ વિનિયમોમાં સુધારણા જરૂરી છે. આ વિનિયમોની, ભૂકંપ, પૂર, જમીન ધસવી અને બીજી આપત્તિમાં ઊભી થતી સુરક્ષા કમીઓ મુકરર કરવા, સામૂહિક રીતે સમીક્ષા કરાશે અને ભારતીય માનાંક કાર્યાલયની નવા બાંધકામ સંહિતા(Code) સાથે સમરૂપ યોગ્ય સુધારા કરવામાં આવશે. આપત્તિ દરમિયાન સુરક્ષા સાથે સમાધાનકારી,વારંવાર ઊભી થતી અનિચ્છનીય પ્રેકિટસનો આ વિનિયમોમાં ઉપાય કરવો જરૂરી બનશે. જરૂરી સલામતી વિના, બાંધકામ માટેના અયોગ્ય વિસ્તારોનો ઉપયોગ કરવાથી સહાયતાપાત્રતાને વધુ વધારે છે અને યોગ્ય પાલન તંત્ર–વ્યવસ્થા મારફત તેની સામે સાવચેતી રાખવી જરૂરી છે. તે જ પ્રમાણે, ગ્રામ વિસ્તારો માટે યોગ્ય વિનિયમો દાખલ કરવા પર પણ ભાર મૂકવામાં આવશે. સ્થાનિક સંસ્થાઓને જરૂરી હોય ત્યાં, યોગ્ય વિનિયમો તૈયાર કરવા યોગ્ય નાણાંકીય પ્રોત્સાહનો આપવામાં આવશે. પ્રક્રિયામાં તમામ સ્તરોએ, મહદંશે સ્થાનિક તંત્રો અને સમુદાય તેના મહત્તમ પરિણામોનો લાભ મેળવી શકે તે માટે સરકારી સંસ્થાઓની યોગ્ય સંવેદનશીલતાને આવરી લેતાં તમામ સમાવેશ પ્રયત્નને સામેલ કરાશે.

**જમીન વપરાશ આયોજન**

**૬.૩.૧** કેન્દ્રીય મંત્રાલયો અને સંબંધિત વિભાગો, વૈજ્ઞાનિક સંસ્થાઓ સાથે ચર્ચા–વિચારણા કરીને, સંપૂર્ણ અભિગમ સાથે જુદા જુદા ભૌગોલિક અને વહીવટી વિસ્તારો માટે જમીનના વૈકલ્પિક ઉપયોગ યોજનાઓ ઘડવા પર્યાવરણલક્ષી અને જોખમી વિગતોનું પૃથકકરણ હાથ ધરશે. સલામત રહેણાંક સ્થળ અને અન્ય મહત્વપૂર્ણ સુવિધાઓ માટે મોટાં શહેરો, મેટ્રો અને ગીચ વસ્તીવાળા શહેરી વસવાટો માટે આ બધું પ્રસ્તુત છે. અગ્રતાને ધોરણે બૃહદ યોજનાઓ અને તેના અમલીકરણની બાબત આવશ્યક ગણાશે અને તે રાજયો/સંઘપ્રદેશોની સર્વોચ્ચ જવાબદારી તરીકે ગણવામાં આવશે. બૃહદ–સ્તરે, વિવિધ ઉપયોગના વિગત આધારની સૂચિને આધારે જમીન ઉપયોગનું આયોજન તૈયાર કરવું જરૂરી છે. શહેરી વસવાટો પૂરતું વિકાસની અપેક્ષિત સઘનતા ધ્યાનમાં લઈને ભવિષ્યમાં જમીનના ઉપયોગની આકારણી કરવાની છે.

**સલામત બાંધકામ પ્રેક્ટિસ**

**૬.૪.૧** ભૂકંપ અને વાવાઝોડાં જેવાં જોખમો લોકોને એટલા મારતા નથી, જેટલા અપર્યાપ્ત ડીઝાઈન અને ખરાબ રીતે બંધાયેલાં મકાનો કરે છે. ભૂકંપ માર્ગદર્શક સૂચનાઓમાં આપ્યા પ્રમાણે, નવા મકાનોનું બાંધકામ અને પસંદગીના લાઈફ લાઈન મકાનોના પાછળથી કરેલા સુધારા અંગેની સલામતી સુનિશ્ચિત કરવા, એ ભૂકંપ ઘટાડા માટે લેવાનું મહત્વનું પગલું છે. ઈંદિરા આવાસ યોજના અને બીજી સરકારી કલ્યાણ અને વિકાસ યોજનાઓ અન્વયે બંધાઈ રહેલા મકાનોની ડીઝાઈન અને વિશિષ્ટ વિગતોનું, જોખમ સુરક્ષા સુનિશ્ચિત કરવા ફરીથી પરીક્ષણ કરાશે. દર પાંચ વર્ષે બાંધકામ સંહિતા આદેશાત્મક જરૂરિયાત તરીકે અદ્યતન કરાશે અને તેને જાહેર ડોમેનમાં પણ મુકાશે. રાષ્ટ્રીય બાંધકામ સંહિતાનું પાલન તમામ રાજયો/મ્યુનિસિપલ બાંધકામ પેટા કાયદાઓમાં આદેશાત્મક કરાશે.

**૬.૪.૨** ઈજનેરો, સ્થપતિઓ, નાના બિલ્ડરો, બાંધકામ મેનેજરો અને કારીગરોને તાલીમ આપવી શરૂ કરી છે અને રાજય તથા જિલ્લા સ્તરે તેને સઘન કરવાની જરૂર છે. અન્ય મહત્વપૂર્ણ લાઈફ લાઈન મકાનો ઉપરાંત સુરક્ષિત શાળા અને હોસ્પિટલો (મોટી ક્ષમતા ધરાવતાં) અને રાષ્ટ્રીય સ્મારકોને રાષ્ટ્રીય અગ્રતા ધરાવતાં હોવાનું ગણવામાં આવશે. ભૂકંપ સ્થિતિસ્થાપક લક્ષણોયુકત શાળાનાં મકાનો/છાત્રાલયોની ડિઝાઈન કરવા અને તેઓને યોગ્ય આગ–સુરક્ષા પગલાંથી સાધનસજ્જ કરવા તમામ કેન્દ્ર પુરસ્કૃત યોજનામાં જોગવાઈઓ કરાશે.

**પાલન અંગેની પદ્ધતિ**

**૬.૫.૧** ટેકનિકલ કાનૂની અને ટેકનિકલ નાણાકીય જોગવાઈઓની અસરકારકતા સુનિશ્ચિત કરવા, બંધનકર્તા પરિણામો સાથે સઘ્ધર પાલન શાસનપદ્ધતિ સ્થાપિત કરવાની રહે છે. રાષ્ટ્રીય અને રાજય સ્તરે, દેખરેખ, ખરાઈ અને પાલનની વ્યવસ્થાઓ હોય તે સુનિશ્ચિત કરવું અગત્યનું છે. આ જોગવાઈઓ અમલમાં મુકવાની તમામ સ્ટેક હોલ્ડરોની જવાબદારી છે.

**અમલીકરણ :**

**૬.૬.૧** ટેકનિકલ–કાનૂની અને પાલન સિસ્ટમ અમલમાં મુકયા પછી, રાજયો/ સંઘપ્રદેશો, અધિનિયમની જોગવાઈઓ અન્વયે અસરકારક તંત્ર–વ્યવસ્થા સ્થાપિત કરીને તેનું અમલીકરણ સુનિશ્ચિત કરશે.

## ૭.સહાય

**અભિગમ**

**૭.૧.૧** ત્વરિત અને અસરકારક સહાય, જાન–માલનું નુકસાન ઘટાડે છે. સહાયપાત્ર વિભાગોની ખાસ જરૂરિયાતો પરત્વે સંભાળયુકત અભિગમ પણ મહત્વપૂર્ણ છે. હાલની અને નવી સંસ્થાકીય વ્યવસ્થાઓમાં, કોઈપણ આપત્તિ કામગીરી હાથ ધરતી વખતે, સમન્વિત, સહયોગી અને કાર્યલક્ષી અભિગમ સુનિશ્ચિત કરવો જરૂરી છે. આ, સમકાલિક આગાહી અને વેળાસર ચેતવણી સિસ્ટમ, નિષ્ફળતા સામે સુરક્ષિત સંદેશા–વ્યવહાર તથા વિશેષ સહાય દળોની અગાઉથી નિયુકિત દ્વારા આ શકય બને. સુમાહિતગાર અને તૈયાર સમુદાય આપત્તિની અસરને ઘટાડી શકશે.

**રાષ્ટ્રીય કારોબારી સમિતિની ભૂમિકા**

**૭.૨.૧** રાષ્ટ્રીય કારોબારી સમિતિ, કોઈપણ જોખમી આપત્તિ સ્થિતિ કે આપત્તિની ઘટના બને ત્યારે સહાય પગલાં સમન્વિત કરશે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા ખાસ માર્ગદર્શક સૂચનાઓ ઘડવામાં આવી છે, ત્યારે, રાષ્ટ્રીય કારોબારી સમિતિ, ભારત સરકારનાં મંત્રાલયો/વિભાગો, રાજય સરકારો અને રાજય તંત્રોને, કોઈપણ ખાસ જોખમી આપત્તિ સ્થિતિ કે આપત્તિ સામે સહાયમાં તેમના દ્વારા લેવાના પગલાં અંગે આદેશો આપશે.

**કેન્દ્રવર્તી અને અન્ય કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોની ભૂમિકા :**

**૭.૩.૧** વિવિધ પ્રકારની આપત્તિઓ માટે, સંબંધિત કેન્દ્રવર્તી મંત્રાલય, વિગતવાર સહાય યોજનાઓનો નકશો તૈયાર કરીને રાષ્ટ્રીય સહાય યોજનામાં સમન્વિત કરશે. રાષ્ટ્રીય કારોબારી સમિતિ, કોઈપણ જોખમી આપત્તિ સ્થિતિ કે આપત્તિમાં સહાય પગલાં સમન્વિત કરશે.

**રાજય, જિલ્લા અને સ્થાનિક તંત્રોની ભૂમિકા :**

**૭.૪.૧** રાજય સરકારો/રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્રોની પ્રાથમિક જવાબદારી, કોઈપણ વિકસતી સ્થિતિ પર દેખરેખ રાખવી અને તેનો કયાસ કાઢવો તથા રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અને રાષ્ટ્રીય કારોબારી સમિતિને તેની જાણ કરવી તે છે. તેઓ પણ તે પરિસ્થિતિ હલ કરવામાં તેમની પોતાની ક્ષમતાઓનું સતત મૂલ્યાંકન કરવા અને કેન્દ્રીય સંસાધનો માટેની સમયસર અપેક્ષિત જરૂરિયાતોનું આયોજન કરવા જવાબદાર બનશે. આંતર–રાજય સહાય અને સંકલનને પ્રોત્સાહન અપાશે. રાજયો/સંઘપ્રદેશો, તેમની પોતાની સહાય શકિત ક્રમશઃ વિકસાવવા અને બને તેટલી ત્વરાથી પ્રગતિ પૂર્ણ કરવા પણ જવાબદાર બનશે. આમાં રાજય સહાય દળોની તાલીમ અને સાધનસજ્જતાનો તથા જિલ્લા કક્ષાએ સમુદાયોઓની તૈયારી, તાલીમ અને સહાય સંગ્રહ ઊભા કરવાનો સમાવેશ થશે. જિલ્લા કક્ષાએ થયેલી તૈયારી અન્વયે તમામ સહાય પ્રવૃત્તિઓને મહત્વ અપાશે. સ્થાનિક તંત્રો, પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક બોર્ડો આ સમગ્ર પ્રક્રિયામાં, ખાસ કરીને, સહાય અને બચાવ કામગીરી, રાહત અને પુનર્સ્થાપન, જાગરુકતા નિર્માણ, આપત્તિ

અંગે પૂર્વ તૈયારી, જીવનનિર્વાહના વિકલ્પોની પુનર્સ્થાપન અને બિનસરકારી સંસ્થાઓ અને નાગરિક સમાજ સાથે સંકલની મહત્વની ભૂમિકા ભજવશે.

**<u>ધોરણસરની સંચાલન કાર્યપદ્ધતિઓ</u>**

**૭.૫.૧** તમામ કેન્દ્રીય મંત્રાલયો, રાજય સરકારો, જિલ્લા તંત્રો અને અન્ય સ્ટેક હોલ્ડરો, રાષ્ટ્રીય અને રાજય યોજનાઓને સુસંગત રહીને, ધોરણસરની સંચાલન કાર્યપદ્ધતિઓ તૈયાર કરશે. ધોરણસરની સંચાલન કાર્યપદ્ધતિઓ શોધ અને બચાવ, તબીબી સહાય અને દુર્ઘટના વ્યવસ્થા, જગ્યા ખાલી કરાવવી, આપત્તિના સ્થળોએ આવશ્યક સેવાઓની અને સંદેશા–વ્યવહારની પુનર્સ્થાપના વગેરે જેવી પ્રવૃત્તિઓ માટે, ધોરણસરની સંચાલન પદ્ધતિઓ ઠરાવવામાં આવશે.

**<u>આપત્તિની કક્ષા :</u>**

**૭.૬.૧** આપત્તિની કક્ષા નકકી કરવા અને આપત્તિ અંગે વિવિધ સંસ્થાઓને ઈલેકટ્રોનિક સંદેશા–વ્યવહાર સિસ્ટમને સાવધાન થવાના સંદેશા મોકલવાની ધોરણસરની સંચાલન કાર્યપદ્ધતિઓ, ગૃહ કામકાજ મંત્રાલય દ્વારા ઘડવામાં આવશે. કુદરતી અને માનવસર્જિત આપત્તિઓની બાબતમાં, આપત્તિ સહાય વ્યવસ્થા માટે આ ધોરણસરની સંચાલન કાર્યપદ્ધતિઓની સામયિક રીતે સમીક્ષા કરાશે.

**ઘટના નિયંત્રણ સિસ્ટમ (આઈ.સી.એસ)**

**૭.૭.૧** વહીવટી અધિશ્રેણીમાં પરંપરાગત નિયંત્રણ માળખું અસ્તિત્વ ધરાવે છે. જે ભારતમાં આપત્તિ અંગેની વ્યવસ્થા સંભાળે છે. યોગ્ય સુધારા સાથે ઘટના નિયંત્રણ સિસ્ટમના સિદ્ધાંતો તૈયાર કરીને, તેને સંગીન બનાવવા અને તેનું વ્યવસ્થાયીકરણ કરવા વિચારાયું છે. ઘટના નિયંત્રણ સિસ્ટમ, કોઈપણ આપત્તિ વખતે સહાય કરતી વેળા, ધોરણસરની રીતે વિવિધ સંકટકાલિન કાર્યોનું આયોજન કરવા માટેની એક વ્યવસ્થા સિસ્ટમ છે. તે તાર્કિક, કામગીરી, આયોજન, સલામતી, મીડિયા વ્યવસ્થા, વગેરે જેવાં ઘટના વ્યવસ્થાનાં વિવિધ પાસાંમાં તાલીમબંધ ઘટના નિયંત્રક અને અધિકારીઓની વિશેષજ્ઞ ઘટના વ્યવસ્થા ટીમો માટે જોગવાઈ કરશે. તેનું ધ્યેય ઘટના વ્યવસ્થાથી જિલ્લા કક્ષાના કર્મચારીઓ સુધીના જુદાં જુદાં પાસામાં તાલીમ આપીને આવી ટીમોને દરેક જિલ્લામાં મૂકવાનું છે. તમામ કક્ષાએ સંયુકત સંચાલન ગૃહ સાથે જોડાણ રાખવા સાથે આયોજન અને અમલીકરણની સમકાલિક સિસ્ટમો અને ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકવામાં આવશે.

**<u>પ્રથમ અને અન્ય મહત્વપૂર્ણ સહાયકર્તા :</u>**

**૭.૮.૧** સ્થાનિક તંત્રો, પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક બોર્ડોના નેતૃત્વ અન્વયે સમુદાયની ભૂમિકા અને મહત્વ, આપત્તિ સહાયની પ્રક્રિયાનો સુરક્ષિત પાયો હોઈ, એનો ઠીકઠીક સ્વીકાર કરાયો છે. તે અંગે તત્કાલ સહાય માટે, પોલીસ, રાજય આપત્તિ સહાય દળ, આગ અને તબીબી સેવાઓ જેવા બીજા મહત્વના પ્રથમ સહાયકો છે. રાષ્ટ્રીય આપત્તિ સહાય દળ, જરૂરી હોય ત્યારે વિશેષજ્ઞ સહાય તાલીમ પૂરી પાડશે. ગંભીર પરિસ્થિતિમાં, જરૂરિયાતના ધોરણે રાષ્ટ્રીય આપત્તિ સહાય દળની તમામ

બટાલિયનોને (એક બટાલિયન દીઠ ૧૮ ટીમો), આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં સૌથી ઓછા સમયની અંદર એક સ્થળે એકત્રિત કરશે. બીજા મહત્વના સહાયકો, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ તથા રાષ્ટ્રીય છાત્ર સેના, રાષ્ટ્રીય સેવા યોજના અને નહેરુ યુવા સંગઠનો જેવી યુવા સંસ્થાઓ રહેશે. સશસ્ત્ર દળોની નિમણૂંક પણ જરૂરી ધોરણે કરાશે. રાષ્ટ્રીય આપત્તિ સહાયક દળમાં તેના કર્મચારીઓની નિમણૂંક સંખ્યામાં ક્રમશઃ ઘટાડો કરશે.અલબત્ત, સ્થિતિ રાજ્ય સરકારો અને રાષ્ટ્રીય આપત્તિ રાહત દળના કાબૂ બહાર જાય ત્યારે જ સશસ્ત્ર દળો નિયુકત કરાશે.

**<u>તબીબી સહાય :</u>**

**૭.૯.૧** તબીબી સહાય ઝડપી અને અસરકારક હોવી જોઈએ. તબીબી સહાય યોજનાઓનું અમલીકરણ અને તબીબી સંસાધનોની ગોઠવણ રાજય અને જિલ્લા સ્તરે, મોટાભાગની પરિસ્થિતિમાં ખાસ ઘ્યાન માંગી લે છે. વહીવટી હદોને ઘ્યાનમાં લીધા સિવાય આપત્તિના સ્થળે સૌથી નજીકના તબીબી સંસાધનોની સ્વૈચ્છિક રીતે ગોઠવણ કરવા પર ભાર મૂકવામાં આવશે. કેન્દ્ર પાસે ઉપલબ્ધ ફરતી તબીબી હોસ્પિટલો અને અન્ય સંસાધનોની સક્રિય ધોરણે રાજયો/ સંઘપ્રદેશોને જોગવાઈ કરાશે. આપત્તિ પછી આરોગ્ય, સ્વચ્છતા અને સ્વાસ્થ્ય સેવાઓની વ્યવસ્થા, રોગચાળો ફેલાતો અટકાવવા મહત્વપૂર્ણ બને છે.તેથી, આવી કોઈપણ શકયતા પર સતત દેખરેખ રાખવી જરૂરી બનશે.

**<u>પશુસંભાળ</u>**

**૭.૧૦.૧** ઘરેલુ અને વન્ય બંને પ્રકારના પ્રાણીઓ પર કુદરતી અને માનવસર્જિત આપત્તિઓની અસર પડે છે. આપત્તિ દરમિયાન અને ત્યારબાદ, લોકોના પ્રયત્ન મારફત, શકય તેટલા પ્રમાણમાં પશુઓના રક્ષણ અને યોગ્ય આહાર માટે યોગ્ય પગલાનું આયોજન કરવું તથા તેમને માટે આશ્રય અને આહારનાં સાધનો મેળવવા જરૂરી છે. એ નોંધવું પ્રસ્તુત છે કે, આપત્તિ દરમિયાન ધણા સમુદાયોએ પશુઓ પ્રત્યે કરૂણા દાખવી છે અને આ પ્રયાસોને પૂર્વતૈયારી યોજનાઓમાં વિધિવત કરવા જરૂરી છે. ભારત સરકારના મંત્રાલયો/ વિભાગો, જેવા કે પશુપાલન વિભાગ, ડેરી–ઉદ્યોગ અને મત્સ્યોદ્યોગ, સામાજિક ન્યાય અને સશકિતકરણ તથા સંબંધિત રાજયોએ તમામ સ્તરોએ આવા પગલાનું આયોજન કરવું.

**<u>માહિતી અને મીડિયા ભાગીદારી</u>**

**૭.૧૧.૧** આપત્તિ સ્થિતિ દરમિયાન, ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા દ્વારા ચોકકસ માહિતીનું પ્રસારણ ખૂબ અગત્યનું છે. તાલીમબઘ્ધ આપત્તિ વ્યવસ્થા અધિકારીઓ પ્રેસ સમક્ષ તેનું નિયમિત સંક્ષિપ્ત વિવરણ આપે તે આવશ્યક છે. તમામ સ્તરોએ માહિતી વ્યવસ્થા અને ચોકસાઈપૂર્ણ રિપોર્ટિંગ માટેની તાલીમ હાથ ધરાશે.

## *૮. રાહત અને પુનસ્થાૅપના*

**અભિગમ**

**૮.૧.૧** રાહત એટલે માત્ર મહેરની રૂએ સહાય કે સમયસર સંકટકાલિન રાહત પુરવઠો પૂરો પાડવો એટલો જ અર્થ હવે થતો નથી. તેથી વિરુધ્ધ, રાહત આપત્તિનો ભોગ બનનારને રાજયમાં તેમના પુનર્સ્થાપનની સહાય સુગમ કરાવવા તથા અસરગ્રસ્ત વ્યકિતઓને સામાજિક સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવાની એક કમાનદાર સિસ્ટમ તરીકે જોવામાં આવે છે. રાહત, ત્વરિત, પર્યાપ્ત અને મંજૂર કરાયેલ ધોરણો મુજબની હોય તે જરૂરી છે. રાહતનાં ન્યૂનત્તમ ધોરણો નકકી કરતી માર્ગદર્શક સૂચનાઓ, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવશે.

**<u>કામચલાઉ રાહત શિબિરો સ્થાપવી :</u>**

**૮.૨.૧** જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્રો, ખાસ કરીને, વારંવાર આપત્તિલક્ષી વિસ્તારોમાં, કામચલાઉ રાહત શિબિરો ઊભી કરવાના સ્થળો મુકરર કરાશે.પૂર્વ–આપત્તિ તબકકામાં, જરૂરી સાધનસામગ્રી પૂરી પાડવા માટેની સંસ્થાઓ મુકરર કરાશે. શૈક્ષણિક સંસ્થાઓના મકાનોનો રાહત શિબિરો સ્થાપવા ઉપયોગ કરવા બાબત પ્રોત્સાહન ન આપવું.

**૮.૨.૨** કામચલાઉ રાહત શિબિરોમાં પીવાનું પાણી, સ્નાન, સ્વચ્છતા અને આવશ્યક આરોગ્ય સંભાળ સેવાઓની પૂરતી જોગવાઈ કરવાની રહેશે. સામુદાયિક રસોડામાંથી આહાર પૂરો પાડવા અને શાળા તથા આંગણવાડીઓના પુનર્સ્થાપન મારફત શિક્ષણની જોગવાઈની સંભાવના શોધવા, શકય હોય ત્યાં, અસરગ્રસ્ત આપત્તિ પરિવારોમાંથી ખાસ કાર્ય–દળો ઊભાં કરવાં સંબંધિત જિલ્લા આપત્તિ વ્યવસ્થા તંત્રો દ્વારા એકસમાન માનવતાલક્ષી વહીવટી પદ્ધતિઓના એક ભાગ તરીકે અધિકારિતા કાર્ડ, લેમિનેટ કરાયેલ ઓળખ કાર્ડ, વગેરે જેવી કાર્યક્ષમ વહીવટી સિસ્ટમ વિકસાવવામાં આવશે.

**<u>રાહત પુરવઠાની વ્યવસ્થા</u>**

**૮.૩.૧** રાહત અને પુરવઠાની ત્વરિત વ્યવસ્થાના ન્યૂનતમ ધોરણો સુરક્ષિત કરવા તે રાહત કાર્યોના અગત્યના લક્ષણો છે. રાહતની વસ્તુઓની પ્રાપ્તિ, પેકેજિંગ, પરિવહન, સંગ્રહ અને વિતરણ સુનિશ્ચિત કરવા ધોરણસરની સંચાલન પદ્ધતિ અમલમાં મુકાશે, જે માટે સંગઠિત ધોરણે કામગીરી કરવી જરૂરી છે. અસરગ્રસ્ત લોકો અને સ્થાનિક તંત્રોએ, રાહત શિબિરોની વ્યવસ્થા માટે સહકારમાં કામ કરવું જરૂરી છે. પારદર્શકતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા રોકડ અને વસ્તુરૂપે મળેલ દાનની વ્યવસ્થા માટે માર્ગદર્શક સૂચનાઓ વિકસાવશે.

**<u>રાહત ધોરણોની સમીક્ષા</u>**

**૮.૪.૧** મોટા ભાગનાં રાજયોમાં, આપત્તિગ્રસ્ત સમયુદાયોની સમકાલિન જરૂરિયાતો પૂરી પાડવા, રાહતના હાલમાં ધોરણોની સમીક્ષા કરવી જરૂરી છે. રાજય આપત્તિ વ્યવસ્થા તંત્રો, રાષ્ટ્રીય આપત્તિ

વ્યવસ્થાપન તંત્રની માર્ગદર્શક સૂચનાઓ સાથે સુસંગત રહીને રાહત જોગવાઈ માટેનાં ધોરણો અને માપદંડો ઠરાવવા માટે રાહત સંહિતા/નિયમ સંગ્રહોની સમીક્ષા કરશે અને આપત્તિ વ્યવસ્થા સંહિતા તૈયાર કરશે.

**<u>કામચલાઉ જીવનનિર્વાહ વિકલ્પો અને સામાજિક–આર્થિક પુન:સ્થાપન</u>**

**૮.૫.૧** કોઈપણ મોટી આપત્તિ પછી, અસરગ્રસ્ત લોકો માટે કામચલાઉ જીવનનિર્વાહ વિકલ્પો ઊભા કરવાની માગ સામાન્ય રીતે હંમેશા ઊભી થાય છે અને રાજય સરકારોએ તેમની આપત્તિ વ્યવસ્થાપન આયોજન પ્રક્રિયામાં આ પાસાનો સ્વીકાર કરવો જોઈશે. આવા કોઈ વિકલ્પમાં સુનિશ્ચિત કરવું જોઈશે કે, ઊભા કરાયેલી અકયામતો, આધાર–માળખું અને સુવિધાઓ જોખમ પ્રતિરોધક, ટકાઉ અને નિભાવક્ષમ તથા કરકસરયુકત છે.

**<u>તત્કાલિક આશ્રયોની જોગવાઈ</u>**

**૮.૬.૧** વિનાશકારી આપત્તિમાં જયાં જિંદગીને જોખમમાં મૂકે તેવી આત્યંતિક હવામાન સ્થિતિ હોય અથવા કામચલાઉ આશ્રયોમાં રોકાણની મુદત ખૂબ લાંબી અને અચોકસ હોય ત્યાં યોગ્ય સ્વચ્છ સુવિધાઓ સાથેના વચગાળાના આશ્રયોનું બાંધકામ કરવું, જેથી અસરગ્રસ્ત લોકો માટે યોગ્ય ગુણવત્તાવાળું જીવન સુનિશ્ચિત કરી શકાય. આવાં આશ્રય–સ્થાનોની ડિઝાઈન પરિસ્થિતિ સાથે અનુકૂળ અને સ્થાનિક સંસ્કૃતિને અનુરૂપ હોય. રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્રો માટે સાધારણ સમયગાળા દરમિયાન આયોજન કરવું ઈચ્છનીય છે. વચગાળાનાં આશ્રય સ્થાનોનું લે આઉટ ખર્ચમાં કરકસરયુકત અને બહુવિધ ઉપયોગની શકયતા સાથે સ્થાનિક જરૂરિયાતો મુજબ રહેશે.

# ૯. પુનર્બાંધકામ અને પુનર્સ્થાપન

**અભિગમ**

**૯.૧.૧** પુનર્બાંધકામ પ્રતિનો અભિગમ સર્વાંગી હોવો જોઈએ જેથી તે વિપરિત સંજોગેને તકમાં પરિવર્તિત કરે. આપત્તિના ફરીથી વધુ સારું બાંધકામ કરો એવા સ્થિતિસ્થાપક લક્ષણો માર્ગદર્શક સિદ્ધાંતો બનશે. આ તબકકે તમામ સંબંધિતોના સૌથી વધુ ધીરજપૂર્વકના અને ભારે જહેમતભર્યા પ્રયત્નો જરૂરી છે. વહીવટકર્તાઓ, સ્ટેક હોલ્ડરો અને સમુદાયોએ આ તબકકાની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. કેમ કે સમય જતાં, તાકીદની લાગણી ઘટવા માંડે છે.હાથ ધરવા વિચારાયેલ પરિયોજનાઓ, અસરગ્રસત વિસ્તારોમાં અથવા તેના પડોશના વિસ્તારોમાં સમુદાયોના ભૌતિક, સામાજિક–સાંસ્કૃતિક કે પર્યાવરણ પર કોઈ આડઅસરો ઊભી થતી નથી. એવું સ્થાપિત કરવા, ટેકનોલોજીની યોગ્ય પસંદગી અને પરિયોજનાની અસરની આકારણી હાથ ધરવી જરૂરી છે. પુનર્બાંધકામ અને પુનર્સ્થાપન તબકકા દરમિયાન અમલીકરણ માટે મનો–સામાજિક સહાય અને આઘાત–સલાહ પૂરી પાડવાની સિસ્ટમ વિકસાવવી જરૂરી છે.

**માલિક સંચાલિત પુનબાંધકામ**

**૯.૨.૧.** પુનર્બાંધકામ યોજનામાં અને ઘરોની ડિઝાઈનએ સહભાગિતા પ્રક્રિયા બને. જેમાં સરકાર, અસર પામેલા સમુદાય, બિનસરકારી સંસ્થા અને કોર્પોરેટ ક્ષેત્ર સામેલ થાય તે જરૂરી છે. આયોજન પ્રક્રિયા પૂરી થયા પછી માલિક સંચાલિત બાંધકામ પસંદગીનો વિકલ્પ છે, જેમાં બિનસરકારી સંસ્થાઓ અને કોર્પોરેટ ક્ષેત્રના સહયોગને પ્રોત્સાહન અપાશે. પુનર્બાંધકામ કાર્યક્રમો, સરકારે ઠરાવેલ મર્યાદા અને ગુણવત્તાલક્ષી વિવરણની અંદર રહેશે.

**ઝડપી પુનર્બાંધકામ**

**૯.૩.૧** બને તેટલી ઝડપથી આવશ્યક સેવાઓ, સામાજિક આધાર–માળખું અને વચગાળાના આશ્રયો/શિબિરો સ્થાપિત કરાશે. કાયમી પુનર્બાંધકામ, ઘરોના બાંધકામ સહિતનું કામ, આદર્શ રીતે તો બે થી ત્રણ વર્ષની અંદર પૂરું કરવું જોઈશે. કેન્દ્રીય મંત્રાલયો/સંબંધિત વિભાગો અને રાજય સરકારોએ, પુનર્બાંધકામ પ્રક્રિયા ઝડપી કરવા નિષ્ઠાવાન પરિયોજના ટીમો ઊભી કરવી.

**૯.૩.૨** અત્યંત આપત્તિલક્ષી વિસ્તારોમાં પુનર્બાંધકામ માટેની આકસ્મિક યોજનાઓ, સાધારણ ગાળા દરમિયાન તૈયાર કરવી જરૂરી છે. જેમાં વિવિધ સ્ટેક હોલ્ડરો સાથે ચર્ચા–વિચારણા કરીને સ્થાપત્યલક્ષી અને સંરચનાત્મક ડિઝાઈનનો સમાવેશ કરી શકાશે.

**સલામત વિકાસ સાથે પુનર્સ્થાપના જોડવું**

**૯.૪.૧** પછાત અને પ્રગતિશીલ સંબંધોમાં સામાજિક અને આર્થિક આધાર–માળખા તથા અશકતતા વચ્ચેના ગાળાને દામવા પર ભાર મૂકવામાં આવશે. જીવનનિર્વાહ સિસ્ટમ, શિક્ષણ, આરોગ્ય, સંભાળ સુવિધા, વયસ્કો, સ્ત્રીઓ અને બાળકોની સંભાળ અંગે સહાય કરવા અને તેને સધ્ધર બનાવવા પ્રયત્નો કરાશે. ધ્યાન માંગી લેતાં બીજા પાસાં–માર્ગો, આવાસન,પીવાનું પાણીના સ્ત્રોતો, સ્વચ્છતા સુવિધાની

જોગવાઈ, ધિરાણની ઉપલભ્યતા, કૃષિનિવેશ સામગ્રીનો પુરવઠો, ખેતર પરની અને ખેતર બહારની પ્રવૃત્તિઓમાં ટેકનોલોજીની ઊંચી કક્ષા, સંગ્રહ, પ્રક્રિયા, ખરીદ–વેચાણ વગેરે રહેશે.

**જીવનનિર્વાહ પુનર્સ્થાપના**

**૯.૫.૧** આપત્તિગ્રસ્ત લોકો માટે કાયમી જીવનનિર્વાહના પુનર્સ્થાપન પર રાજ્ય સરકારોએ ભાર મૂકવાનો રહેશે અને પરિવારના વડા તરીકે સ્ત્રીઓ હોય તો તેમને, કારીગરો, ખેડૂતો અને સીમાંત તથા સહાયપાત્ર વિભાગોના લોકો પર ખાસ ધ્યાન આપવું જરૂરી બનશે.

# ૧૦. ક્ષમતા વિકાસ

## અભિગમ

**૧૦.૧.૧** સ્ટેક હોલ્ડરોના સક્રિય અને પ્રોત્સાહક સહયોગ સાથે જ ક્ષમતા વિકાસના વ્યૂહાત્મક અભિગમને હાથ ધરી શકાશે. આ પ્રક્રિયામાં, જાગરુકતા નિર્માણ, શિક્ષણ, તાલીમ, સંશોધન અને વિકાસ વગેરેનો સમાવેશ થાય છે. તે વધુમાં, આપત્તિના અસરકારક નિવારણ અને તે અંગે કામગીરી હાથ ધરવા, યોગ્ય સંસ્થાકીય માળખું, વ્યવસ્થા સિસ્ટમ અને સંશાધનોની ફાળવણી હાથ ધરે છે.

**૧૦.૧.૨** આમાનાં કેટલાક પાસા અંગે બીજા પ્રકરણોમાં ચર્ચા કરવામાં આવી હોવાથી, આ ભાગમાં માત્ર જાગરુકતા, આપત્તિ શિક્ષણ અને તાલીમનું વર્ણન કર્યું છે. ક્ષમતા વિકાસના અભિગમમાં સમાવેશ થશે.

- પ્રાદેશિક વૈવિધ્ય અને બહુવિધ જોખમ સહાયપાત્રતા જોતાં, વિકસતાં સમુદાયો આધારિત આપત્તિ વ્યવસ્થા માટે તેમની વિશિષ્ટ જરૂરિયાતો માટે તાલીમ આપવાને અગ્રતા આપવી.
- અમલીકરણનો હવાલો સંભાળતા રાજય અને સ્થાનિક સ્તરનાં તંત્રો સાથે રાજયો અને અન્ય સ્ટોક હોલ્ડરોને સામેલ કરીને સલાહલક્ષી પ્રક્રિયા મારફત રાષ્ટ્રીય સ્તરે સમુદાય આધારિત આપત્તિ વ્યવસ્થાપની વિચારણા કરવી.
- નિવડેલ કામગીરી સાથેની જાણકારી આધારિત સંસ્થાઓ મુકરર કરવી.
- આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સહકારને પ્રોત્સાહન.
- પરંપરાગત અને વૈશ્વિક ઉત્તમ પ્રેકિટસ અને ટેકનોલોજી અપનાવવી.
- યોજનાઓનું પરીક્ષણ કરવા ટેબલટોપ સ્વાધ્યાયો, અનુકરણ, મોકડ્રીલ અને કૌશલ્ય વિકાસ.
- રાજય/જિલ્લા/સ્થાનિક સ્તરોએ વિવિધ આપત્તિ સહાય જૂથોની ક્ષમતાનું પૃથકકરણ

## રાષ્ટ્રીય અગ્રતા

**૧૦.૨.૧** ક્ષમતા વિકાસના ક્ષેત્રે, આપત્તિ વ્યવસ્થા અધિકારીઓ, કર્મચારીઓ, તાલીમ–શિક્ષકો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા સમુદાયોને તાલીમમાં અગ્રતા અપાશે.

**૧૦.૨.૨** ડોકટરો, ઈજનેરો અને સ્થપતિઓ જેવા વ્યવસાયિકોને આપત્તિ વ્યવસ્થાની તાલીમ અને સંસ્કરણને યોગ્ય મહત્વ અપાશે. વધુમાં, શાળાઓ સહિત તમામ સ્તરે શૈક્ષણિક સંસ્થાઓમાં વ્યવહારુ જરૂરિયાતો પરત્વેના સંસ્કરણ સાથે આપત્તિ વ્યવસ્થા તાલીમના વિસ્તરણ પર યોગ્ય ભાર મૂકવામાં આવશે.

## સંસ્થાકીય ક્ષમતા વિકાસ :

**૧૦.૩.૧** આપત્તિ વ્યવસ્થા માટે રાષ્ટ્રીય તાલીમ અનુસૂચિના અમલીકરણને સુગમ બનાવવા અને વિકસાવવામાં રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થા અગત્યનો ભાગ ભજવશે. તે તાલીમ માટે આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સહકાર માટે કેન્દ્રવર્તી સંસ્થા પણ બનશે. વિવિધ રાજયોમાં સંખ્યાબંધ પ્રખ્યાત સંસ્થાઓ છે. જે

આપત્તિ વ્યવસ્થા અંગે તાલીમ આપશે. રાજયો/સંઘ પ્રદેશો દ્વારા આવા પ્રયત્નોને પુનરાવર્તિત કરાશે. વહીવટી તાલીમ સંસ્થાઓ, પોલીસ અકાદમીઓ, રાજય ગ્રામીણ વિકાસ સંસ્થા, રાષ્ટ્રીય આપત્તિ સહાય દળના ચાર અર્ધતબીબી તાલીમ કેન્દ્રો અને રાષ્ટ્રીય તાલીમ દળના આપત્તિ વ્યવસ્થા એકમો, આપત્તિ વ્યવસ્થા સંબંધિત કૌશલ્ય વિકસાવવા ખૂબ નોંધપાત્ર ફાળો આપશે. હાલની સંસ્થાઓની ક્ષમતાઓની, પ્રાદેશિક અને સ્થાનિક જરૂરિયાતો અનુસાર કક્ષા ઊંચી  લઈ જવી જરૂરી છે.

**સમુદાયોની તાલીમ:**

**૧૦.૪.૧** સમુદાયોની ક્ષમતા નિર્માણ, તેઓ આપત્તિ સામેના પ્રથમ સહાયકર્તા હોઈ, ક્ષમતા વિકાસ પ્રક્રિયાનો મહત્વનો ભાગ છે. તેમાં સમુદાયો અને સમુદાયોના નેતાઓની જાગરુકતા, સંવેદનશીલતા,સંસ્કરણ અને વિકાસ કૌશલ્યોનો સમાવેશ થશે. રાષ્ટ્રીય આપત્તિ સહાય દળ, નાગરિક સંરક્ષણ અને રેડક્રોસ તથા સ્વ સહાય જૂથો જેવી બિનસરકારી સંસ્થાઓ/અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી સહાયને પ્રોત્સાહન અપાશે. નેતૃત્વ અને પ્રેરણા પર ભાર મૂકવાની એકંદરે જવાબદારી, રાજય અને જિલ્લાતંત્રોના એકંદરે માર્ગદર્શન હેઠળ સ્થાનિક તંત્રો, પંચાયતી રાજ સંસ્થાઓ અને શહેરી સ્થાનિક બોર્ડો પાસે રહેશે.

**વ્યાવસાયિક ટેકનિકલ શિક્ષણ :**

**૧૦.૫.૧** સ્થાપત્ય, ઈજનેરી, ભૂ–વિજ્ઞાન અને દવામાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં, આપત્તિ વ્યવસ્થા અંગે તેમના સંબંધિત વિશેષજ્ઞ ક્ષેત્રોમાં સમકાલિક જાણકારીનો સમાવેશ કરવા, સક્ષમ તંત્રો તેની સમીક્ષા કરશે. આપત્તિ વ્યવસ્થા સંબંધિત કામગીરી માટે શાળા અને કોલેજોમાં રાષ્ટ્રીય છાત્ર સેના (NCC) અને બોય સ્કાઉટની ભૂમિકાનો પણ સમાવેશ કરાશે. રાષ્ટ્રીય સ્તરે, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, યુનિવર્સિટીઓ અને ટેકનિકલ ઉત્કૃષ્ટતા સંસ્થાઓમાં એક વિભિન્ન અકાદમી વિદ્યાશાખા તરીકે આપત્તિ વ્યવસ્થા વિકાસને પ્રોત્સાહન આપશે.

**શાળાઓમાં આપત્તિ વ્યવસ્થા શિક્ષણ**

**૧૦.૬.૧** કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફત, અભ્યાસક્રમોમાં માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા આપત્તિ વ્યવસ્થાપ વિષય દાખલ કરવાની બાબત, તેમનાં માધ્યમિક શિક્ષણ બોર્ડો, મારફત તમામ શાળાઓ સુધી વિસ્તારાશે. રાજય સરકારો, પણ રાજય શાળા બોર્ડો આપત્તિ વ્યવસ્થા અભ્યાસક્રમો સમાવિષ્ટ કરે તે સુનિશ્ચિત કરશે. શિક્ષણના વિષયમાં કૌશલ્ય આધીરત તાલીમ, મનોવૈજ્ઞાનિક સ્થિતિ–સ્થાપકતા અને નેતૃત્વના ગુણો બાબત આગ્રહ રખાશે. આપત્તિ વ્યવસ્થાને લગતા કામ માટે શાળાઓ અને કોલેજોમાં પણ રાષ્ટ્રીય છાત્ર સેના (NCC) અને બોય સ્કાઉટની ભૂમિકાનો પણ સમાવેશ કરાશે. આપત્તિ વ્યવસ્થાનું લક્ષ્ય, શાળાની આપત્તિ વ્યવસ્થા યોજનાઓના અમલીકરણ ઉપરાંત પૂર્વતૈયારી અને સલામતીના સંસ્કાર વિકસાવવાનું રહેશે.

**<u>કારીગરોની તાલીમ</u>**

**૧૦.૭.૧** કારીગરોના કૌશલ્યની કક્ષા ઊંચે લઈ જવી એ, ક્ષમતા નિર્માણ પ્રક્રિયાનો બીજો મહત્વપૂર્ણ ઘટક છે. સંબંધિત કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો, કારીગરોને તાલીમ આપવા નિભાવક્ષમ કાર્યક્રમો માટે સંસાધનોની પ્રાપ્યતા સુનિશ્ચિત કરશે. રાજયોને આ પ્રવૃત્તિ ત્યારે વેગથી વધારવા પ્રોત્સાહન અપાશે. આ કાર્યક્રમોનું આયોજન કરવા ભારતીય ટેકનોલોજી સંસ્થાઓ (આઈ.આઈ.ટી.એસ) અને રાષ્ટ્રીય ટેકનોલોજી સંસ્થાઓનું (એન.આઈ.ટી.એસ) માર્ગદર્શન મેળવવામાં આવશે. અમલીકરણનો, ઔધૌગિક તાલીમ સંસ્થાઓ અને અન્ય કેન્દ્રીય પ્રાદેશિક અને રાજય વ્યાવસાયિક તાલીમ સંસ્થાઓ દ્વારા સહાય કરાશે. ભાગીદારીનો વ્યાપક ફેલાવો થાય તે સુનિશ્ચિત કરવા , આ કાર્યક્રમો સુલભ કરાશે. ખાનગી બિલ્ડરો, કોન્ટ્રકટરો અને બિનસરકારી સંસ્થાઓ તાલીમબંધ કારીગરોનો ઉપયોગ કરવામાં નોંધપાત્ર ભાગ ભજવે તેમ અપેક્ષિત છે.

**<u>અન્ય જૂથોની તાલીમ :</u>**

**૧૦.૮.૧** અર્ધતબીબી ક્ષેત્ર, વ્યકિતઓ, સામાજિક કાર્યકરો, પ્લમ્બરો, સ્વચ્છતા ફિટર્સ અને સુરક્ષા તપાસ નિરીક્ષકો જેવા અન્ય વ્યવસાયિક જૂથો પણ સમુદાય આધારિત આપત્તિ વ્યવસ્થામાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

**<u>લાઈસન્સ આપવાં અને પ્રમાણીકરણ</u>**

**૧૦.૯.૧** બાંધકામ પર્યાવરણમાં આપત્તિ સ્થિતિસ્થાપક બાંધકામ સુનિશ્ચિત કરવામાં, વ્યવસાયિકોની કુશળતાનું પરીક્ષણ મહત્વપૂર્ણ છે. ભારતીય માનક કાર્યાલયનો (બી.આઈ.એસ) વ્યવસાયિક સંસ્થાઓની મદદથી એકસમાન સંહિતા અને વિશિષ્ટ વિવરણ તૈયાર કરવા વિનંતી કરાશે. રાજ્ય સરકારો એવી યોજના વિકસાવશે. જે અન્વયે તેના પ્રદેશમાં માત્ર પર્યાપ્તપણે લાયક ધંધાદારીઓ પ્રેકિટસ કરે તે સુનિશ્ચિત કરાશે. રાજય સરકારો, તેમની જોખમ રૂપરેખા સાથે સુસંગત ઈચ્છનીય ધોરણો જાળવવાં તેમના પોતાના નોંધણી બેન્ચમાર્કનો અમલ કરશે.

# ૧૧. જ્ઞાન/જાણકારી વ્યવસ્થા

**અભિગમ**

**૧૧.૧.૧** માહિતીપ્રદ નિર્ણય પ્રક્રિયા સંગીન કરવા, જાણકારી વ્યવસ્થા, ટેકનોકેન્દ્રી સંસ્થાકીય અને પરિસ્થિતિલક્ષી પ્રેક્ટિસનો સમન્વય કરશે. આપત્તિ વ્યવસ્થાના ક્ષેત્રે જ્ઞાન/જાણકારી સંસ્થાઓનું નેટવર્ક ઊભું કરવા તેમના અનુભવો અને જ્ઞાનમાં હિસ્સેદારી લેવાની જરૂરિયાત છે. કેન્દ્રવર્તી સંસ્થાઓ દ્વારા ખાસ ક્ષેત્રોમાં જ્ઞાનનોપાર્જન મુખ્યત્વે હાથ ધરાશે, જયારે રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થા અને અન્ય સમાન સંસ્થાઓ અને તેનાં ગ્રાહક જૂથો, ખાસ કરીને, બીજી તાલીમ સંસ્થાઓમાં જ્ઞાનનો સમન્વય, વિગતોની વ્યવસ્થા અને ફેલાવો કરવામાં મહત્વનો ભાગ ભજવશે.

**વિસ્તાર અને ટેકનોલોજીનો સહયોગી ઉપયોગ**

**૧૧.૨.૧** ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ભૂ–વિજ્ઞાન મંત્રાલયો અને અન્ય સંબંધિત વિભાગો, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે ચર્ચા–વિચારણા કરીને, શોધ માટે ખાસ જરૂરિયાતો અને વિદ્યાશાખાઓ મુકરર કરશે અને તેમની નિષ્ણાતતા અને જ્ઞાનના આધાર પર આધાર રાખતી ખાસ ક્ષેત્રીય સંસ્થાઓને પણ પદનામિત કરશે.

**જ્ઞાન/જાણકારી સંસ્થાઓ**

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા સંસ્થા અને બીજી સંસ્થાઓ, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને આંતર રાષ્ટ્રીય સ્તરે શૈક્ષણિક અને તાલીમ સંસ્થાઓને ભેગી આણીને સહયોગ આપશે. આ સંસ્થાઓ, આપત્તિ વ્યવસ્થા અંગે જ્ઞાન– સંગ્રહ સ્થાન ઊભું કરશે અને જ્ઞાનનો આધાર વિસ્તારવા પ્રયત્ન કરશે.

**માહિતી અને સંદેશા–વ્યવહાર ટેકનોલોજી મારફત જાણકારીનો ફેલાવો**

**દેશી ટેકનિકલ જાણકારી**

**૧૧.૪.૧** પ્રાચીન સમયથી, ભારતના જુદાં જુદાં ભાગોમાં આપત્તિનો સામનો કરવાની અજમાવેલી અને કસોટી કરાયેલ પ્રેક્ટિસ દ્વારા ટેકનિકલ જાણકારી અને અનુભવનો સમૃધ્ધ વારસો સહેલાઈથી મળ્યો છે. તેમના આપત્તિ વ્યવસ્થા પ્રયત્નોનું મૂલ્ય વધારવાની દૃષ્ટિએ, આ મૂલ્યવાન વારસાની સૂચિ તૈયાર કરવા, સમકાલિન સિસ્ટમ દ્વારા પેદાશોને કાયદેસર બનાવવા અને યોગ્ય સ્થાનો તથા સમુદાયોમાં પરિણામોનું પ્રસારણ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

**ભારતીય આપત્તિ સંસાધન નેટવર્ક**

**૧૧.૫.૧** રાષ્ટ્રીય સ્તરે, વિવિધ સંસ્થાઓ, ક્ષેત્રો અને વિદ્યાશાખાઓના સંસાધનોનો સમાવેશ કરવા હાલના ભારતીય આપત્તિ સંસાધન નેટવર્કને વિસ્તારવું જરૂરી બન્યુ છે. સંબંધિત માહિતી, સહેલાઈથી પાછી મેળવવા, તેના ઉપયોગ અને ઓનલાઈન અદ્યતન કરવા તેને જાહેર ડોમેન (ક્ષેત્ર) માં મુકવામાં આવશે.

**ભારતીય આપત્તિ જ્ઞાન/જાણકારી નેટવર્ક**

**૧૧.૬.૧** આપત્તિ વ્યવસ્થા અંગે જ્ઞાન–હિસ્સેદારી પ્લેટફોર્મ માટેની જરૂરિયાત પારખીને અને નિષ્ણાતતાના સંબંધિત ક્ષેત્રો સાથે આંતરક્રિયા અને સંવાદ સુગમ કરવા, ભારતીય આપત્તિ જ્ઞાન નેટવર્ક પોર્ટલ સ્થાપિત કરવામાં આવ્યું છે. આ પોર્ટલ, આપત્તિ વ્યવસ્થા સંબંધિત માહિતી ભેગી કરવા, ખરાઈ કરવા અને તેનો ફેલાવો કરવાના એક સાધન તરીકે સેવા આપશે. તે તમામ સરકારી વિભાગો વૈધાનિક સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ/ સંગઠનો અને માનવતાવાદી સંસ્થાઓ સાથે જોડાશે, જેથી તેમના જ્ઞાન અને ટેકનિકલ નિષ્ણાતતાના સામૂહિક અને વ્યક્તિગત રીતે સહભાગી થઈ શકાય.

**ઉત્તમ પ્રેક્ટિસ અને સંશોધનનું દસ્તાવેજીકરણ :**

**૧૧.૭.૧** કોઈપણ આપત્તિ બાદ તરત, સંસ્થાકીય પગલા તરીકે નિષ્ણાતોની સહાયથી ક્ષેત્ર–અભ્યાસો હાથ ધરાશે. આ અભ્યાસોમાં, હાલના આપત્તિ નિવારણ અને ઘટાડા પગલા વચ્ચેનો અવકાશ મુકરર કરવા અને પૂર્વતૈયારી તથા સહાય સ્થિતિનું મૂલ્યાંકન કરવા પર ધ્યાન કેન્દ્રિય કરાશે. તે જ પ્રમાણે, ભૂતકાળની આપત્તિઓ પરથી મળેલ પાઠનું સંકલન કરી જરૂરી દસ્તાવેજીકરણ કરાશે. આપત્તિ વ્યવસ્થા પ્રક્રિયાઓ સુધારવા અને તાલીમ જરૂરિયાતો માટે પુનર્સ્થાપન અને પુનર્બાંધકામ પ્રક્રિયાઓનું પણ પૃથકકરણ કરાશે. નિષ્ણાતોની મદદ સાથે, રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા, ધંધાદારી રીતે કેસ અભ્યાસ વિકાસ અને ઉત્તમ પ્રેક્ટિસના દસ્તાવેજીકરણ માટે સંદર્ભ પુસ્તક તૈયાર કરાવશે. આ જ્ઞાનનું દેશની અંદર તમામ સંબંધિતોમાં પ્રસારણ કરાશે અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ વિતરણ કરાશે.

## *૧૨. સંશોધન અને વિકાસ*

***અભિગમ***

**૧૨.૧.૧** અહીં, રાહતકેન્દ્રી અભિગમને, મર્યાદિત ક્ષેત્રોમાં (DOMAIN) સંશોધન અને વિકાસ પૂરતો મર્યાદિત કરાયો છે. આ વિસ્તારોના ભાવિ પ્રયાસની મુખ્ય ચિંતા, ભારતના જુદા જુદા ભાગોમાં, વિવિધ જોખમો બાબતમાં વિસ્તૃત સંશોધન જરૂરિયાતો મુકરર કરવાની અને માગ સંચાલિત સંશોધન કાર્યક્રમોને સંગીન કરવાની રહેશે. પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

**સંસ્થાકીય વ્યવસ્થા**

**૧૨.૨.૧** સમગ્ર આપત્તિ વ્યવસ્થામાં સ્થાપત્ય જરૂરિયાતો અંગે, વપરાશકર્તાને મૈત્રીપૂર્ણ રીતે, સધ્ધર અને અદ્યતન ટેકનિકયુકત વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રસ્તુત કરીને, સંશોધન અને વિકાસની આગલી હરોળના પ્રયત્નોનો મજબૂત પાયો ઊભો કરીને, સહાય કરાશે. આપત્તિ વ્યવસ્થાના ક્ષેત્રે કામ કરતાં, વિવિધ જુથો અને સંસ્થાઓમાં પારસ્પરિક મજબૂતી અને સહયોગ વધારવા એક સક્રિય વ્યૂહને માન્ય કરવામાં આવશે. આવા પ્રયત્નોને પ્રોત્સાહન આપીને, યથાર્થ દ્રષ્ટિકોણ, માહિતી અને નિષ્ણાતતાનું એકીકરણ અને હિસ્સેદારીને ઉત્તેજન અપાશે. પ્રતિભાશાળી સમુચ્ચય જૂથોના ' એકીકરણ' ની પ્રક્રિયા મારફત ટ્રાન્સ ડિસીપ્લીનરી સંસ્થાઓ મુકરર કરવાની કામગીરી, રાષ્ટ્રીય અને રાજય સ્તરે સ્થાયી તંત્ર વ્યવસ્થા દ્વારા સુગમ કરાશે અને શરૂ કરાશે. તેઓ, સંશોધન ભાગીદારો સંસ્થાઓ/જૂથો, તેમના જ્ઞાનના આધાર અને નિષ્ણાતપણા પર આધાર રાખીને મુકરર કરાશે. ભારત સાથે ખાસ સંબંધ રાખીને હવામાન ફેરફાર ગ્લોબલ વાર્મિંગ પર ભારત મૂકવામાં આવશે.

**૧૨.૩.૨** કુદરતી આપત્તિઓ ઉપરાંત ટેકનોલોજીકલ અને માનવસર્જિત આપત્તિઓ સહિત મહત્વપૂર્ણ વિષયો પર સંશોધન ઉત્તેજન અપાશે. કોઈ ધટનાની નકલ કરવા અંગેના અભ્યાસો પર આધારિત લધુ–ઝોન અને કાલ્પનિક ભાવિ ધટના વિકાસ જેવાં ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસને, આપત્તિઓનાં ટૂંકા ગાળાનાં અને લાંબા ગાળાના પરિણામોનું મૂલ્યાંકન કરવા માટે પણ પ્રોત્સાહન અપાશે.

## *૧૩. આગળનો માર્ગ*

**૧૩.૧.૧** આ નીતિની જાહેરાત માત્ર નવા પ્રવાસનું પ્રથમ પગલું રજૂ કરે છે. આ એક એવું સાધન છે, જે તમામ સ્તરે વિવિધ સંસ્થાઓ અને વ્યકિતઓ દ્વારા જેની અંદર ખાસ પગલાં લેવા જરૂરી બને તેવી કમાનબંધ ભવ્ય ઈમારતનું નિર્માણ કરવાની આશા રાખે છે. નિર્ધારિત સ્થળનું વર્ણન કરવામાં આવ્યું છે અને આશાસ્પદ રીતે માર્ગદર્શન આપ્યું છે. સ્ટેજ ગોઠવાઈ ગયું છે અને હવે માર્ગ નકશાઓ ખોલવા જરૂરી છે.

**૧૩.૧.૨** આ દસ્તાવેજે, મૂળભૂત રીતે, જોમપુર્વક સક્ષમ પર્યાવરણને સમાવિષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. જેને રાજકીય સંસ્થાએ સંસદના અધિનિયમ મારફત અમલમાં મૂકયો છે. જેમાં ભુતકાળની આપત્તિથી થયેલ જાન–માલની ભારે ખુવારી અને લોકોનો પાંગળો બનેલ આર્થિક આધારને ધ્યાનમાં રાખીને, આપત્તિ સાથે કામ પાર પાડવા અલગ પ્રકારનો અભિગમ શરૂ કરવાની ઘોષણા કરી છે. તે એ હકીકતનું ભાન કરાવે છે કે, માત્ર આપત્તિ આર્થિક અને વિકાસલક્ષી પ્રગતિમાં પીછેહઠ થવાનું કારણ બને છે. એટલું જ નહી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા પર્યાવરણ પર પણ ગંભીર અસર કરે છે.

**૧૩.૧.૩** આ માન્યતાની મુખ્ય વિષય–વસ્તુ એ છે કે, આપત્તિ વ્યવસ્થાના નવા ઊભા કરેલા માળખામાં યોગ્ય રીતે શકિતમાન બનેલ અને બહુવિધ ક્ષેત્રોના સંબંધમાં કામ કરનાર બૌધ્ધિક અને આનંદી લોકોને, આ રાષ્ટ્રીય ર્દષ્ટિકોણ સમજવામાં મદદરૂપ થશે.

**૧૩.૧.૪** આ રાષ્ટ્રીય નેતૃત્વની દઢ માન્યતાની એક અભિવ્યકિત પણ છે કે, વર્ષોવર્ષ આપત્તિ બાદ નિષ્ફળ ખર્ચા કરવાને બદલે આપત્તિ નિવારણ, પૂર્વતૈયારી અને ઘટાડા માટે જરૂરી ફાળવણી કરવી.

**૧૩.૧.૫** જેમને આ કામગીરી આગળ ધપાવવાની જવાબદારી અપાઈ છે તેઓને લાગે કે તેમને જરૂરી સામર્થ્ય અને માર્ગદર્શન તેમાંથી હાથવગા થયા છે, તો આ નીતિએ તેનો હેતુ પાર પાડયો હોવાનું ઠરશે.

# સંક્ષેપ

| | |
|---|---|
| ARMVs | અકસ્માત રાહત તબીબી વાન |
| BIS | ભારતીય માનક કાર્યાલય |
| CBOs | સમુદાય આધારિત સંસ્થાઓ |
| CBRN | રાસાયણિક, જૈવિક, વિકિરણ અને અણુવિષયક |
| CCMNC | કુદરતી આપત્તિ વ્યવસ્થાની કેબિનેટ સમિતિ |
| CCS | સુરક્ષા પર કેબિનેટ સમિતિ |
| CSR | કોર્પોરેટ સામાજિક જવાબદારી |
| CRF | આપત્તિ રાહત ફંડ |
| DDMA | જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર |
| DM | આપત્તિ વ્યવસ્થા |
| GIS | ભૌગૌલિક માહિતી સિસ્ટમ |
| GoI | ભારત સરકાર |
| GPS | વૈશ્વિક સ્થિતિ–નિર્ધારણ સિસ્ટમ |
| HLC | ઉચ્ચ સ્તરીય સમિતિ |
| HPC | ઉચ્ચ સત્તા ધરાવતી સમિતિ |
| IAY | ઈંદિરા આવાસ યોજના |
| ICS | ઘટના નિયંત્રણ સિસ્ટમ |
| ICT | માહિતી અને સંદેશા–વ્યવહાર ટેકનોલોજી |
| IDRN | ભારતીય આપત્તિ સંસાધન નેટવર્ક |
| IDKN | ભારતીય આપત્તિ જાણકારી નેટવર્ક |
| IITs | ભારતીય ટેકનોલોજી સંસ્થા |
| IMC | આંતર–મંત્રાલય સમિતિ |
| IMG | આંતર–મંત્રાલય જૂથ |
| IT | માહિતી ટેકનોલોજી |
| ITIs | ઔદ્યોગિક તાલીમ સંસ્થા |
| ITK | દેશી ટેકનિકલ જાણકારી |
| MHA | ગૃહ કામકાજ મંત્રાલય |
| NCC | રાષ્ટ્રીય છાત્ર સેના |

| | |
|---|---|
| NCCF | રાષ્ટ્રીય આપત્તિ આકસ્મિક ફંડ |
| NCMC | રાષ્ટ્રીય સંકટ વ્યવસ્થા સમિતિ |
| NDEM | રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થા માટે વિગત આધાર |
| NDMA | રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર |
| NDMF | રાષ્ટ્રીય આપત્તિ ઘટાડા ફંડ |
| NDRF | રાષ્ટ્રીય આપત્તિ સહાય દળ |
| NEC | રાષ્ટ્રીય કારોબારી  સમિતિ |
| NGOs | બિનસરકારી સંસ્થાઓ |
| NIDM | રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થા |
| NITs | રાષ્ટ્રીય ટેકનોલોજી સંસ્થા |
| NSDI | રાષ્ટ્રીય અવકાશ વિગત આધાર માળખું |
| NSS | રાષ્ટ્રીય સેવા યોજના |
| NYKS | નહેરુ યુવા કેન્દ્ર સંગઠન |
| PPP | જાહેર ખાનગી ભાગીદારી |
| PRIs | પંચાયતી રાજ સંસ્થાઓ |
| R & D | સંશોધન અને વિકાસ |
| SAARC | દક્ષિણ એશિયન પ્રાદેશિક સહકાર એસોસિયેશન |
| SDMA | રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન તંત્ર |
| SDRF | રાજ્ય આપત્તિ રાહત દળ |
| SEC | રાજ્ય કારોબારી સમિતિ |
| SOPs | ધોરણસરની સંચાલન કાર્યપદ્ધતિ |
| ULBs | શહેરી સ્થાનિક બોર્ડો |
| UN | સંયુકત રાષ્ટ્રો |
| UTs | સંઘ પ્રદેશો |
| WMO | વિશ્વ હવામાન સંસ્થા |